॰पयकशङ्का॥ने

॰ ભગવાનના અનુગ્રહરૂપ છે એમ સર્વના સમજ
ગ્રહ આપણાથી મેલવી શકાતો નથી પણ પ્રભુ જ
॰નું વિચારે ત્યારે તે અનુગ્રહનો પાત્ર જીવ થાય
છે:—

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया

न बहुना श्रुतेन यमेवैष वृणुते तेन लभ्य इति ॥

અર્થ—આ આત્મા વેદાભ્યાસકરાવવાથી મળતો નથી તે
બહુ શ્રવણકરવાથી મળતો નથી; પણ જેનું તે વર
મ કહ્યું છે ત્યાં વેદાભ્યાસવિગેરે ત્રણસાધનો
॰ાવનાર છે એટલે કોઇ સાધનથી તે મેળવીશક
॰॰ પ્રથમાધ્યાયમાં 'અત્રિને ઘેર આત્મા,
ને સોમ થયા એમ લખ્યું છે ત્યાં आत्म શબ્દ
॰ આશ્રુતિમાં પણ આત્મશબ્દથી ભગવાન
મનુગ્રહ જીવઉપર ક્યારે થયો જણાય, તેબાબત ભ॰
ખુલાસો કર્યો છે કે જ્યારે તમને શરણે જવાની ઇચ્
તે॰ની સેવામાં તત્પર થાય ત્યારે તમને ભગવાને પોતાપણા
જાણીશકાય છે તેસારૂ શ્રીઆચાર્યજી—મહાપ્રભુજીયેં શરણમ
પ્રચાર ચલાવેલો છે; તેથી જેમના ઉપર પ્રભુનો અનુગ્રહ હો
શરણે આવેલા હોય તેઓયેં મન, કર્મ અને વચનથી પ્રભુર
રહેવું જોઈયેં તેનેમાટે, સર્વ પ્રથમ પ્રભુને અર્પણકરી પ્રભુના
છે. તેનેમાટે નિવેદનમંત્ર છે એમ (શરણમંત્ર અને નિવેદ॰
આપુષ્ટિમાર્ગમાં થાય છે; તેબાબત આજના સમયમાં ઘ
મનમાં ભિન્નભિન્ન તર્ક ઉઠવા લાગ્યા છે કે આ ઉપદેશ શાસ્
વાચકવર્ગના અંતઃકરણને સંતોષથવાસારૂ શ્રીપુરૂષોત્તમજીર
शङ्कानिरासवाद નામનો ગ્રંથ અહિં દાખલ કરીયેં છીયેં તે
॰જ પ્રથમ મંગલાચરણ કરે છે.

यथाधिकारं शरणभक्तिमार्गोपदेशतः ।

य उद्दधार सर्वांस्तं वन्दे श्रीवल्लभं प्र॰

... આવેલા ભક્તો ...
...ા જમાડવા) એમ કહે ત્યાં ...
...મમાં જે રહેતા હોય તેને જમાડવા એ...
...ીયે સર્વનો ઉદ્ધાર કર્યો એમ કહેલછે ત્યાં શ...
...મજવું. અહિં વાદી શંકા કરે છે કે તમે સર્વનો
...તે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યથીભિન્ન—બધાનો ઉદ્ધ...
...ણ, ક્ષત્રિય અને વૈશ્ય એ દ્વિજ કહેવાય છે તેમ...
...કાર છે બીજામંત્રનો અધિકાર નથી; કેમકે ...

...ाक्ता द्विजा जात्या न शैवा न च वैष्णवाः ।
...ादुपासते नित्यं गायत्रीं वेदमातरम् ॥

...અને વૈશ્ય એ ત્રણવર્ણ દ્વિજ કહેવાય છે. કેમકે તેનો ...ને બીજો ગાયત્રીના ઉપદેશથી થાય છે તે સર્વ જાતિ... વેદની માતારૂપ ગાયત્રીની નિત્યઉપાસ... ...ે શાક્તપણું કહેલું છે તેથી બ્રાહ્મણ, ક્ષત્રિ... સહજ ધર્મ છે અને શૈવ તથા વૈષ્ણવપણું ત... ...વ છે; માટે કૃત્રિમ છે; કેમકે ગાયત્રીના મંત્રની ...પણું છે. તેમ તે ત્રણેવર્ણવાળા—દ્વિજાતિઓને કર્મ ...ં અને સ્મૃતિમાં એમ એપ્રકારે કહેલાં છે તે શ્રૌત ... ...ળખાય છે. તેકર્મની અપેક્ષાયે બીજાં કર્મો તેઓને હીન છે. ...નો અધિકાર ગાયત્રીના મંત્રથીજ સિદ્ધ થાય છે; માટે બીજા ...ઉપયોગી નથી. કદિ તમે એમ કહેશો કે વેદમાં કહેલ છે કે

...मेवाभिगच्छेत् समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम् ॥

...માટે તે હાથમાં સમિત્ (અર્ક વિગેરે) લઇ શ્રૌત્રિય ...ી શરણે જાય, એમજ શ્રીભાગવતએકાદશસ્કંધમાં પ્રબુદ્ધ-

...प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।
...रे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥

...બ્રહ્મ અને પરબ્રહ્મમાં નિષ્ણાત (પાર પામેલ) અને શાન્તિ... એવા ગુરૂને ઉત્તમકલ્યાણને જાણનાર પુરૂષ શરણે જાય; શરણે જવાનું કહેલું છે; તેથીજ બ્રહ્મજાણવામાટેજ

રૂને શરણે જવાનું કહેલું હોવાથી ઉપદેશનું તેજ પ્રયોજન છે તો ગાયત્રી શિવાય બીજા ઉપદેશને અનર્થકપણું નથી; એમ નહિ કહેવું; કેમકે એમ કહો તો પણ ગાયત્રીમંત્રના ઉપદેશશિવાય બીજા મંત્રનું અનર્થકપણું મટતું નથી; કેમકે બ્રહ્મનું જ્ઞાન ઉપનિષદ્‌થી થાય છે માટે તેમાં પણ ગાયત્રીમંત્રના ઉપદેશની આવશ્યકતા છે. કદાચિત્ તમે એમ કહેશો કે પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહેલ છે કેઃ—

अदीक्षितस्य वामोरु! कृतं सर्वमनर्थकम् ।
पशुयोनिमवाप्नोति दीक्षाहीनो मृतो नरः ॥
विना श्रीवैष्णवीं दीक्षां प्रसादं सद्गुरोर्विना ।
विना श्रीवैष्णवं धर्मं कथं भागवतो भवेत् ॥

અર્થ--મહાદેવજી પાર્વતીજીપ્રત્યે કહે છે કે હે વામોરુ! જેણે દીક્ષા લીધેલી નથી તેનું કરેલું સર્વ (પુણ્ય કર્મ) અનર્થક છે અને દીક્ષા લીધાવિના માણસ મરે તો તે પશુની યોનિને પામે છે. શ્રીવૈષ્ણવીદીક્ષાવિના, સદ્‌ગુરુના પ્રસાદાવના અને વૈષ્ણવધર્મવિના ભગવદ્‌ભક્ત કેમ થવાય? ઇત્યાદિક વાક્યોથી દીક્ષાનું આવશ્યકપણું માનીયેં તોપણ શ્રીવિશ્ણુસંબંધીદીક્ષાનું આવશ્યકપણું હો પણ બીજાનું કહ્યું નથી માટે આવશ્યકપણું નથી. કદાપિ તમે એમ કહેશો કે વિશ્નુયામલમાં લખેલું છે કેઃ—

कृते श्रुत्युक्तमार्गः स्यात् त्रेतायां स्मृतिभावितः ।
द्वापरे तु पुराणोक्तः कलावागमसंभवः ॥
अशुद्धाः शूद्रकल्पा हि ब्राह्मणाः कलिसम्भवाः ।
तेषामागममार्गे स्याच्छुद्धिर्न श्रौतवर्त्मना ॥
अभावे वेदमन्त्राणां पञ्चरात्रोदितो विधिः ।
वैदिकी तान्त्रिकी दीक्षा द्विविधाऽपि हि सिद्धिदा ॥

અર્થ--સત્યયુગમાં વેદમાં કહેલો માર્ગ (કલ્યાણરૂપ) થાય, ત્રેતાયુગમાં સ્મૃતિમાં કહેલો, દ્વાપરમાં પુરાણમાં કહેલો અને કલિયુગમાં તંત્રમાં કહેલો માર્ગ કલ્યાણરૂપ થાય. કલિયુગમાં થયેલા બ્રાહ્મણો અશુદ્ધ અને શૂદ્ર—જેવા હોય છે તેઓની તંત્રમાર્ગમાં શુદ્ધિ થાય છે પણ વૈદિકમાર્ગવડે શુદ્ધિ નથી. વેદના મંત્રોપ્રમાણે થઇ-શકે નહિ ત્યાં નારદપ્રંચરાત્રમાં કહેલો વિધિ કલ્યાણ કારક છે અને વૈદિકી તથા તાંત્રિકી એમ બન્ને પ્રકારની દીક્ષા સિદ્ધિને આપનારી છે એમ કહેલું છે. તેથી તાંત્રિકીદીક્ષાને આવશ્યકતા છે એમ શંકા કરવી નહિ. કેમકે વેદમંત્રનો અભાવ હોય ત્યારે પંચરાત્રનો વિધિ કલ્યાણકારક છે એમ કહ્યું છે તેથી તે વાક્ય અવૈદિક-પર છે અને હાલના સમયમાં કલિયુગનો આરંભ હોવાથી વેદમંત્રાદિક રહેલા છે માટે તાંત્રિકી—દીક્ષાને અપ્રયોજકપણું છે; તેથીજ કૂર્મપુરાણમાં યામલાદિક તંત્રો મોહ-કરનાર છે એમ કહ્યું છે જેમકે કૂર્મપુરાણના પૂર્વભાગના ૧૨મા અધ્યાયમાં હિમાચલ પ્રત્યે પાર્વતીજીયેં કહ્યું છે કેઃ—

न च वेदादृते किञ्चिच्छास्त्रं ब्रह्माभिधायकम् ।
योऽन्यत्र रमते सोऽसौ न सम्भाष्यो द्विजातिभिः ॥
यानि शास्त्राणि दृश्यन्ते युगेऽस्मिन् विविधानि तु ।
श्रुतिस्मृतिविरुद्धानि तेषां निष्ठा हि तामसी ॥
कापालं पञ्चरात्रं च यामलं वाममार्हतम् ।
एवंविधानि चान्यानि मोहनार्थानि यानि तु ॥
ये कुशास्त्राभियोगेन मोहयन्तीव मानवान् ।
मया सृष्टानि शास्त्राणि मोहायैषां भवान्तरे ॥

અર્થ—વેદશિવાય કોઈશાસ્ત્ર બ્રહ્મને કહેનાર નથી; માટે વેદશિવાયના બીજા શાસ્ત્રમાં જે પ્રીતિરાખનાર છે તેઓ દ્વિજાતિયોયેં ભાષણ કરવાયોગ્ય નથી. શ્રુતિ અને સ્મૃતિ વિરૂદ્ધ જે શાસ્ત્રો આ યુગમાં નાના પ્રકારનાં દેખાય છે તેઓની નિષ્ટા તામસી છે. કાપાલ, પંચરાત્ર, યામલતંત્ર, વામતંત્ર, આર્હત, (જૈનના શાસ્ત્ર) એવા પ્રકારનાં બીજા જે શાસ્ત્રો છે તે સર્વે મોહકરવામાટે છે. જે તેવા અવળાશાસ્ત્રના યોગવડે મનુષ્યોને મોહજેવું કરે છે તે સર્વ શાસ્ત્રો તેવાઓને વારંવાર જન્મ લેવામાટે મોહકરવાસારૂજ મેં કરેલાં છે. તેમ ત્યાંજ સોળમા અધ્યાયમાં દેવદારૂવનમાં રહેલા અને ગૌતમઋષિયેં જેમને શાપ આપેલો છે એવા મુનિયોના પ્રસંગમાં શિવજીપ્રત્યેં નારાયણે કહેલ છે કે:—

न वेदबाह्ये पुरुषे पुण्यलेशोऽपि शङ्कर ! ।
सङ्गच्छते महादेव ! धर्मो वेदाद्धि निर्बभौ ॥
तथाऽपि भक्तवात्सल्यात् रक्षितव्या महेश्वर ! ।
अस्माभिः सर्वएवैते गन्तारो नरकानपि ॥
तस्माद्वै वेदबाह्यानां रक्षणार्थाय पापिनाम् ।
विमोहनानि शास्त्राणि करिष्यावो वृषध्वज ! ॥
एवं सम्बोधितो रुद्रो माधवेन मुरारिणा ।
चकार मोहशास्त्राणि केशवोऽपि शिवेरितः ॥
कापालं लाङ्गलं वामं भैरवं पूर्वपश्चिमम् ।
पञ्चरात्रं पाशुपतं तथान्यानि सहस्रशः ॥

અર્થ—હે શંકર ! વેદબાહ્યપુરુષમાં પુણ્યનો લેશ પણ મળતો નથી; કેમકે ધર્મ વેદથીજ શોભેલો છે તો પણ બ્રાહ્મણો ભક્તહોવાથી તેની વત્સલતાને લીધે હેમહેશ્વર ! નરકપ્રત્યેં જવાના છે તોપણ તેસર્વબ્રાહ્મણો આપણે રક્ષા કરવાયોગ્ય છે; માટે વેદબાહ્ય—પાપિ—બ્રાહ્મણોની રક્ષાકરવામાટે મોહ કરે એવાં શાસ્ત્રો હે વૃષભધ્વજ ! આપણે કરીશું. એવીરીતે મુરારિ—માધવે મહાદેવજીને બોધ કર્યો

એટલે મહાદેવજીયેં મોહશાસ્ત્રો કર્યાં અને મહાદેવજીના કહેવાથી કેશવ–ભગવાને પણ મોહશાસ્ત્રો કર્યાં. એમ કહી તેનાં નામ ગણાવે છે કે કાપાલ, લાંગલ, વામ, પૂર્વપશ્ચિમભૈરવ, પંચરાત્ર, પાશુપત અને તેવાં બીજાં હજારો શાસ્ત્રો કરેલાં છે. એવી રીતે મોહશાસ્ત્રો કરેલાં છે તે કેવળ વેદબાહ્યને માટેજ છે એમ સિદ્ધ થાય છે. જો વામતંત્રશિવાય બીજાં તંત્રો દુષ્ટ નથી એમ માનીયેં તો પણ દીક્ષાનું સાર્થકપણું ભલે થાઓ પણ ઉપદેશની અનર્થકતા તો મટતીજ નથી. કેમકે વાકયમાં દીક્ષાપદ લખેલ છે તે દીક્ષા કેવીરીતેં લેવી તેબાબત તંત્રમાં લખેલું છે કેઃ—

मन्त्रमार्गानुसारेण साक्षात्कृत्वेष्टदेवताम् ।
गुरुश्चेद बोधयेच्छिष्यं मन्त्रदीक्षेति सोच्यते ॥

અર્થ–મંત્રમાર્ગને અનુસારે ઈષ્ટદેવતાનો સાક્ષાત્કારકરીને ગુરુ જો શિષ્યને બોધ કરે તો તે મંત્રદીક્ષા કહેવાય છે. એવીરીતેં દીક્ષાનું લક્ષણ કહેલહોવાથી દીક્ષાને સાર્થકપણું છે. પણ ઉપદેશને મંત્રમાર્ગને અનુસરવાપણું નથી; કેમકે નારદ-પંચરાત્રની વિજ્ઞાનોપનિષતૂસંહિતાના સોળમાં પટલમાં કહેલ છે કેઃ—

नराणां स्वल्पवित्तानां कुर्याद्वित्तानुसारतः ।
महामण्डपयोगेन वित्ताढ्यानां तथा भवेत् ॥
वित्तलाभाद्विमुक्तस्य स्वल्पवित्तस्य देहिनः ।
संसारभयभीतस्य विष्णुभक्तस्य तत्त्वतः ॥
अग्नावाज्यान्वितैर्बीजैः सतिलैः केवलैस्तु वा ।
द्रव्यहीनस्य कुर्वीत वचसाऽनुग्रहं गुरुः ॥

અર્થ–થોડાદ્રવ્યવાળા–પુરુષને માટે દ્રવ્યને અનુસારે મંડપ કરે અને ધનાઢ્ય હોય તેઓને મહામંડપના યોગવડે દીક્ષા કરે, ધનના લાભથી મુકત થયો હોય એટલે ધન મેળવી શકે એમ ન હોય અને પાસે દ્રવ્ય ન હોય એવો પુરુષ સંસારના ભયથી ત્રાસ પામેલો હોય અને તત્ત્વથી વિષ્ણુભકત હોય તેને ઘીભેળવેલા તલ અથવા કેવળ તલવડે અગ્નિમાં આહુતિ દઇ દીક્ષા આપે અને કેવળ દ્રવ્યહીન હોય તેઓનો વચનોવડે અનુગ્રહ કરે એમ કહેલ છે ત્યાં ધનાઢ્ય, થોડા ધનવાળા અને ધનરહિતને જૂદા જૂદા પ્રકારે દીક્ષા આપવાનું કહ્યું છે ત્યાં ત્રણ-પ્રકારની દીક્ષાનું નિરૂપણકરીને મંત્રમાર્ગને અનુસારે તેનું સ્વરૂપ કહેલું છે તેમ વિશ્નુયામલમાં પણ કહેલ છે કેઃ—

ब्राह्मणान् क्षत्रियान् वैश्यान् सच्छूद्रान् सत्स्त्रियोऽपि वा ।
विष्णुभक्तिरतान् साधून् दीक्षयेद्विधिना गुरुः ॥
गुरुः परीक्षयेच्छिष्यं संवत्सरमतन्द्रितः ।
नियमान् विहितान् वर्ज्यान् श्रावयेच्च चतुःशतम् ॥

અર્થ—બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો, સચ્છૂદ્રો, અને સારીસ્ત્રિઓ પણ જે વિષ્ણુભક્તિમાં પ્રીતિવાળાં અને સાધુઓ હોય તેને ગુરુ વિધિવડે દીક્ષા આપે તેની પહેલાં આલસ્ય છોડિને એકવર્ષસુધી ગુરુ તેની પરીક્ષા કરે તેટલી મુદતમાં કરવાના અને નાહિં કરવાના ચારસો નિયમો તેને સંભલાવે. એમ કહેલ છે ત્યાં પણ દીક્ષા આપવાનું લખેલું છે. અને ઉપદેશની તો દીક્ષાકરતાં વિલક્ષણતા સ્ફુટજ છે. કેમકે રામાર્ચનચંદ્રિકામાં રુદ્રયામલનું વાક્ય છે કેઃ—

चन्द्रसूर्यग्रहे तीर्थे सिद्धक्षेत्रे तथालये ।
मन्त्रमात्रप्रकथनमुपदेशः स कथ्यते ॥

અર્થ—ચંદ્ર અથવા સૂર્યનું ગ્રહણ હોય ત્યારે, તીર્થમાં, સિદ્ધક્ષેત્રમાં તથા ઘરમાં મંત્રમાત્ર કહેવો તે ઉપદેશ કહેવાય છે. એમ કહ્યું છે તેથી દીક્ષામાં જેવું વિધાન છે તેવું ઉપદેશમાં નહિંહોવાથી તેની વિલક્ષણતા સ્ફુટ છે. તોપણ કોઇરીતેં ઉપદેશની સાર્થકતાની સંભાવના કરો તો તેપણ અવૈદિકપ્રત્યે છે માટે વેદને માનનારા જે શિષ્ટો છે તેઓપ્રત્યેં તો ગાયત્ર્યાદિકશિવાય બીજો ઉપદેશ તો સર્વથા યોગ્ય નથી. એવીરીતેં વાદીતરફથી શંકા થાય ત્યાં કહિયેંછીયેં કે જે વાક્યઉપરથી બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને શાક્તપણું સહજ છે એમ શંકા કરો છો તેમાં કહો છો કે જાતિવડે સર્વે દ્વિજો શાક્ત છે તે જાતિ ન્યાયવાળા જેને સામાન્ય કહે છે તેના ભેદરૂપ તમેં માનેલી છે ? કે દેહની ઉત્પત્તિરૂપ છે ? કે કોઇ અતિશય ધર્મરૂપ છે ? સામાન્યના ભેદરૂપ તો કહિશકાતી નથી; કેમકે પુરુષો મ્લેચ્છ થઇજાય ત્યારે તેની વ્યક્તિનો પરિત્યાગ થાય છે. તે જાતિ હોય તો પરિત્યાગ કરી શકાય નહિ માટે જાતિપણું તેને કહિશકાતું નથી. અને જાતિ તેમાંથી જતી નથી એમ કહેશો તો જેમ બ્રાહ્મણાદિક મ્લેચ્છ થાય ત્યારે તે સંકર કહેવાય છે તેવીરીતેં મ્લેચ્છપણાની સાથે તે શાકતત્વરૂપ જાતિનું પણ સાંકર્ય થશે. તેમ તેજાતિને હમેશાં બતાવનાર કાંઇ ચિહ્ન હોતું નથી. તેમ શ્લોકમાં જાતિપદ લખેલું છે તેથી ઉપાધિરૂપ બીજો ધર્મ છે એમ કહિ શકાતું નથી. જો દેહની ઉત્પત્તિરૂપ જાતિ તમેં માનતા હો તો તે પણ ઘટતું નથી. કેમકેઃ—

जन्मना जायते शूद्रः संस्काराद् द्विज उच्यते ।

અર્થ—જન્મવડે શૂદ્ર થાય છે અને ગાયત્રીના ઉપદેશથી દ્વિજ કહેવાય છે. એવાક્યમાં જન્મથી શૂદ્ર થાય છે એમકહેવાથી દેહની ઉત્પત્તિરૂપ તે જાતિ, કહિશકાતી. નથી. અને અતિશયિતધર્મરૂપ શાકતત્વજાતિ તેમાં આવે છે એમ કહેશો તો તે શાકતપણું સાહજીક નથી પણ સંસ્કાર થયા પછી થાય છે. તેમ ઉત્તરાર્દ્ધમાં ગાયત્રીની ઉપાસના કરે છે એવું કારણ આપેલું છે; તેથી ગાયત્રીની ઉપાસના કરવાયોગ્ય સંસ્કાર થાય ત્યારેજ તેનામાં શાકતત્વ આવે છે એમ તમારે કહેવું જોઇયેં અને જ્યારે તેમ થયું ત્યારે જન્મવડે શૂદ્ર થાય છે એવું વાક્ય છે તેમાં

એમ શૂદ્રપણું થયેલું છે તે શૈવવૈષ્ણવાદિકમંત્રના ઉપદેશથી નિવૃત્ત થતું નથી તેથી સ્માર્ત્તકર્મના અધિકારરૂપ દ્વિજપણાને સંપાદનકરનારો ગાયત્રીનો ઉપદેશ તેનાથી ઉત્તમ છે એમ તેની પ્રશંસાકરીને ઉત્તરાર્દ્ધમાં ગાયત્રીની ઉપાસનાકરવારૂપ હેતુ આપીને તેને દૃઢ કરેલ છે. તેથી જાતિવડે સર્વદ્વિજો શાકત છે પણ શૈવ કે વૈષ્ણવ નથી એવાક્યનો અભિપ્રાય એવો છે કે ઉત્પન્ન થાય ત્યારે તે શૂદ્ર હોય છે તેશૂદ્રપણું શૈવ કે વૈષ્ણવમંત્રથી જતું નથી પણ ગાયત્રીના ઉપદેશથી જાય છે. ત્યારે સ્માર્ત્તકર્મનો અધિકાર સંપાદનકરવાપણું ગાયત્રીમંત્રને સિદ્ધ થાય છે. પણ શૈવ કે વૈષ્ણવમંત્રનું હીનપણું તેથી સિદ્ધ થતું નથી. તેમ "શાસ્ત્રમાં કોઇ બાબતની નિંદા લખે છે તે નિંધપદાર્થની નિંદાકરવામાટે નથી પણ જે કર્ત્તવ્ય હોય તેની સ્તુતિ કરવામાટે છે" એવું વાકય છે માટે આશ્લોકમાં સર્વદ્વિજ શૈવ કે વૈષ્ણવ નથી એમ કહેલ છે તે દ્વિજને ગાયત્રીના ઉપદેશની કર્ત્તવ્યતા બતાવવામાટે છે પણ શૈવ વૈષ્ણવની નિંદા કરવામાટે નથી. વળી શૈવ તથા વૈષ્ણવમંત્રના ઉપદેશને તમે પારિભાષિકપણું કહ્યું તે પારિભાષિકપણું ત્યારે થાય કે જ્યારે તેવો ધર્મ તેમાં ન હોય છતાં કાંઇ કાર્યકરવામાટે વચનથી તેધર્મનો આરોપ કરાય. જેમ સૂર્યોદયકાળમાં વ્યાપ્ત તિથિ હોય તેતિથિની પૂર્ણતા સંકલ્પાદિક તથા વ્રતાદિકમાં ગણાય છે તે તિથિ નહિંછતાં શાસ્ત્રના વચનથી કહેવાય છે તે પારિભાષિક કહેવાય. તેવીરીતેં શૈવ કે વૈષ્ણવપણું નથી. કેમકે ઉપદેશાદિકથી તે સિદ્ધ થાય છે. પ્રથમ ન હોય અને જે ઉપદેશાદિકથી સિદ્ધ થાય તેને તમે પારિભાષિક માનશો તો જન્મસમયે દ્વિજપણું પણ હોતું નથી તે ગાયત્રીના ઉપદેશથી સિદ્ધ થાય છે તેને પણ પારિભાષિકપણું પ્રાપ્ત થશે; માટે સ્વર્ગાદિકને સંપાદનકરનાર જ્યોતિષ્ટોમનેમાટે જેમ સોમયજ્ઞની દીક્ષા લેવાય છે તેવીરીતેં મોક્ષાદિકને સિદ્ધકરનાર નિવૃત્તિધર્મનેમાટે વૈષ્ણવાદિક મંત્રનો ઉપદેશ છે તે તેનાથી અધિકજ છે. ખરીરીતેં તો આવાકયમાં વેદની માતા—ગાયત્રીની ઉપાસના કરે છે એમ કહ્યું છે તેથી ગાયત્રીમાં પરબ્રહ્મનું પ્રતિપાદન છે તેહકિકતને નહિં જાણનારનેજ શાકતપણું સિદ્ધ થાય છે પણ વ્યાસસૂત્રના ज्योतिश्चरणाधिकरणમાં કહેલ રીતિપ્રમાણે અથવા શ્રીભાગવતપ્રથમસ્કંધના પ્રથમશ્લોકમાં કહેલ રીતિપ્રમાણે ગાયત્રીમાં પરબ્રહ્મનુંજ પ્રતિપાદન છે એમ જાણનાર હોય તેને શાકતપણું સિદ્ધ થતું નથી તેમ તેની ઉપાસનામાં પણ શાકતપણું નથી તેથી તેમ કહેવું તે યોગ્ય નથી; ઉપનિષદ્નો ઉપદેશકરવાથી મોક્ષધર્મને સિદ્ધકરનાર નિવૃત્તિ ધર્મ સિદ્ધ થશે; તેથી વૈષ્ણવમંત્રાદિકના ઉપદેશનું કાંઇ કારણ નથી એવી શંકા નહિં કરવી; કેમકે આજના સમયમાં તેનો અધિકાર નથી તેનું કારણ એ છે કે ઉપનિષદ્નું જ્ઞાન થવામાં વૈરાગ્યાદિક જોઇયેં તે આજકાલ જોવામાં આવતું નથી તેમ આહારની શુદ્ધિ પણ હોતી નથી. કોઇ રીતેં કદિ તે સર્વ સિદ્ધ થાય તોપણ જ્ઞાન, વિલંબથી સિદ્ધ થાય છે. જેમ શ્રુતિમાં કહેલ છે કેઃ—

वेदान्तविज्ञानसुनिश्चितार्थाः सन्न्यासयोगाद्यतयः शुद्धसत्त्वाः ।
ते ब्रह्मलोके तु परान्तकाले परामृतात् परिमुच्यन्ति सर्वे ॥

અર્થ—સંન્યાસયોગથી શુદ્ધ જેઓનું અંતઃકરણ થયું છે એવા યતિયો વેદાન્તના વિજ્ઞાનવડે સારીરીતે અર્થનો નિશ્ચય કરીને બ્રહ્મલોકમાં જાય છે અને બ્રહ્માજીનો મોક્ષ થાય ત્યારે તે સર્વ મુક્ત થાય છે. એમ કહ્યું છે તેથી જ્ઞાન, વિલંબથી સિદ્ધ થાય છે એવો નિર્ણય છે; માટે ઉપનિષદ્‌થી સિદ્ધથનારજ્ઞાનથી નિવૃત્તિધર્મ સિદ્ધ થઇશકતો નથી. તેમ પંચરાત્રાદિકમાં કહેલ એવી વૈષ્ણવીદીક્ષાનો પણ પ્રાવાહિકભક્તિમાંજ પ્રવેશ હોવાથી તદીક્ષાવડે પણ આઉપદેશને ચારતાર્થતા થતી નથી; કેમકે તે મોક્ષનું ફલ કરવાવાળી હોવાથી આઉપદેશથી જે ભક્તિરૂપ ફલ થાય છે તે ફલ થતું નથી; કારણ કે મોક્ષના કરતાં ભક્તની અધિકતા સર્વશાસ્ત્રમાં કહેલ છે. તેમ તાંત્રિકીદીક્ષા ઉપાસનામાર્ગીય હોવાથી તેનાથી પણ ઉપદેશની ચરિતાર્થતા થતી નથી. તેમ ઉપાસના એજ ભક્તિ એમ કહેવું નહિ કેમકે તેનાં રૂપ, ફલ વગેરેના ભેદથી ભક્તિથી તેને ભિન્નપણું છે એમ આગળ ભક્તિહંસમાં સારીરીતે પ્રતિપાદન કરેલું છે; માટે સ્વતંત્રભક્તિની ઇચ્છારાખનાર અને તેવી સ્વતંત્રભક્તિને અનુસરનારાઓને સાધનભક્તિમાં ફલ આપવાને સન્મુખ થાય તેવો અધિકાર સંપાદનકરનાર ભક્તિમાર્ગીય ઉપદેશ સર્વને લેવો આવશ્યક છે; કેમકે સપ્તમસ્કંધમાં પ્રલ્હાદજીયે દૈત્યપુત્રોપ્રત્યે કહ્યું છે કેઃ—

देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा ।
भजन् मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वयम् ॥

અર્થ—દેવ, અસુર, મનુષ્ય, યક્ષ અથવા ગંધર્વ એ મોક્ષને આપનાર ભગવાનનું ચરણ ભજતો હોય તો જેમ આપણે કલ્યાણવાળા થયા છીયેં તેમ તે કલ્યાણવાળો થાય. એવાકયમાં સ્વરૂપની યોગ્યતા સર્વમાં સરખી છે તેથી તેફલથવાનો તેનો અધિકાર મેળવવો તે ભક્તિની ઇચ્છાવાલાઓને ઇચ્છિત છે તેથીજ શ્રીભાગવતમાં શુકદેવજીયેં પરીક્ષિતને ઉપદેશ કર્યો છે અને બ્રહ્મવૈવર્તપુરાણમાં વસિષ્ઠે ઉપબર્હણગંધર્વને ઉપદેશ કર્યો છે તે ઘટે છે. ગીતાજીમાં કહેલ છે કે भक्त्या मामभिजानाति (ભક્તિવડે મને જાણે છે) તેથીજ ભક્તિકરવાથી જ્ઞાન થયું એટલે ભક્તિનું ફળ થઇરહ્યું. ત્યારબાદ ભક્તિનું બીજું કાંઇ ફલ થવાનું નથી; માટે ઉપનિષદ્‌નું શ્રવણ કરવાથીજ જ્ઞાન સિદ્ધ થતું હોય તો ભક્તિની આવશ્યકતા નથી; તેથી ભક્તિની પ્રાપ્તિને માટે ઉપદેશાદિકની મહેનત કરવી તે વ્યર્થ છે એમ શંકા નહિં કરવી; કેમકે ઉપનિષદ્‌ના શ્રવણમાત્રથી જ્ઞાનનો ઉદય થતો નથી. ઉપનિષદનું શ્રવણકરનાર ઘણા લોકોને જ્ઞાન થતું જોવામાં નહિં આવવાથી પ્રત્યક્ષમાં બાધ આવે છે. તેમ ઉપનિષદ્‌ના શ્રવણમાત્રથી જ્ઞાન થતું હોય તો મનન કરવા વિગેરેના વિધિને વ્યર્થપણું આવે; માટે જેવો અધિકારી હોય તેપ્રમાણે તેને કર્ત્તવ્ય છે એમ તો વાદિને કહે છે કે તારે પણ કબુલ કરવું જોઇયેં; માટે મંદ અને મધ્યમ એવા જ્ઞાનના અધિકારિયોપ્રત્યે પણ ભક્તિની આવશ્યકતા છે. તેભક્તિની પ્રાપ્તિમાટે ઉપદેશ દેવો વ્યર્થ નથી પણ સાર્થક છે. ખરી રીતે તો શ્રીભાગવતએકાદશસ્કંધના ૨૦ મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ—ભગવાને ઉદ્ધવજીપ્રત્યેં કહેલ છે કેઃ—

निर्विण्णानां ज्ञानयोगो न्यासिनामिह कर्मसु ।
तेष्वनिर्विण्णचित्तानां कर्म्मयोगस्तु कामिनाम् ॥
यदृच्छया मत्कथादौ जातश्रद्धस्तु यः पुमान् ।
न निर्विण्णो नातिसक्तो भक्तियोगोऽस्य सिद्धिदः ॥

અર્થ—કર્મમાં ફલની ઇચ્છા છોડીને જે વિરક્ત થયા છે તેઓને જ્ઞાનયોગ સિદ્ધિઆપનારો છે, કર્મમાં જેને વૈરાગ્ય નથી એવા કામનાવાળાઓને કર્મયોગ સિદ્ધિઆપનારો છે. અને ભગવદિચ્છાવડે મ્હારી કથા વિગેરેમાં જેપુરૂષની શ્રદ્ધા ઉત્પન્નથયેલ છે અને પોતે વૈરાગ્ય કે અત્યંત કામનાવાળો નથી તેને ભક્તિયોગ સિદ્ધિઆપનારો છે. એમ કહ્યું છે ત્યાં ભગવાને અધિકારીના ભેદવડે સાધનના ભેદનું નિરૂપણ કરેલું છે એથીજ ભક્તિ, જૂદું ફલ સિદ્ધકરનારી છે એમ સિદ્ધ કરેલું હોવાથી જ્ઞાનરૂપ ફલ ભક્તિથી થાય એટલે ભક્તિ ક્ષીણ થઈગઇ એમ કહિશકાતું નથી. તેમ શ્રીકૃષ્ણ—ભગવાને यो मद्भक्तः स मे प्रियः (જે મ્હારો ભક્ત છે એ મને પ્રિય છે) એમ ગીતામાં કહેલું હોવાથી ભગવાનનું પ્રિયપણું સંપાદનકરનાર ભક્તિજ છે તેમ પાછું છઠ્ઠા અધ્યાયમાં ભગવાને ફરીને કહ્યું છે કેઃ—

तपस्विभ्योऽधिको योगी ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी तस्माद्योगी भवार्जुन! ॥
योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान् भजते यो मां स मे युक्ततमो मतः ॥

અર્થ—ઘણા તપસ્વિયો કરતાં યોગી ઉત્તમ છે, ઘણા જ્ઞાનિયો કરતાં યોગી અધિક માનેલો છે, ઘણા કર્મકરનારાઓ કરતાં પણ યોગી ઉત્તમ છે માટે હે અર્જુન! તું યોગી થા. અને સર્વયોગિયોમાં પણ મ્હારામાં પોતાનો અંતરાત્મા જોડીને શ્રદ્ધારાખનાર જે મને ભજે છે તેને અત્યંત યુક્ત મેં માનેલ છે. એમ કહેલ છે ત્યાં ભક્તની સર્વથી મ્હોટાઇ કહિને જ્ઞાનની અપેક્ષાયેં પણ ભક્તિની મ્હોટાઇ બતાવી છે. જ્ઞાની તો મ્હારો આત્મા છે એમ ગીતાજીમાં કહેલ છે તેથી જ્ઞાનીની મ્હોટાઇ હશે એમ શંકા કરવી નહિ કેમકે એકાદશસ્કંધમાં ઉદ્ધવજીપ્રત્યે ભગવાને કહેલ છે કે 'જેવો તું મને પ્રિય છો તેવો આત્મા પણ મને પ્રિય નથી, તેમ નવમ-સ્કંધમાં દુર્વાસાપ્રત્યે વિષ્ણુ—ભગવાને કહેલ છે કે 'મ્હારા ભક્તોશિવાય હું આત્માની પણ ઇચ્છા કરતો નથી' ત્યાં આત્માશબ્દથી ગીતાજીમાં કહેલ આત્મારૂપ જ્ઞાની પ્રિય નથી એમ બતાવ્યું છે તેવાક્યનો વિરોધ આવે અને ગી-તાજીમાં भक्त्या मामभिजानाति (ભક્તિવડે મને જાણે છે.) એ વાક્ય તો ફલાત્મક-જ્ઞાનપર છે. કેમકે પ્રથમ પચાસમા શ્લોકમાં निष्ठा ज्ञानस्य या परा એમ જ્ઞાનની નિષ્ઠા કહિને તેમનું સ્વરૂપ બતાવીને પછી ૫૪મા શ્લોકમાં કહેલ છે કેઃ—

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥

અર્થ—બ્રહ્મભૂત થયેલો જીવ પ્રસન્નચિત્તવાળો થઇને કાંઇ શોચતો કે ઇચ્છતો નથી. સર્વભૂતપ્રાણિમાં સમ એવો તે મ્હારી પરાભક્તિને મેળવે છે. એમ કહેલ છે ત્યાં બ્રહ્મભાવ થયા પછી ભક્તિનો લાભ થવાનું કહેલ છે અને તેભક્તિવડે મને જાણે છે એમ કહેલ છે તેથી તેપુરૂષોત્તમના સ્વરૂપને જાણવાનું લખેલું છે એમ સિદ્ધથાય છે; માટે ભક્તિ થયા પછી ભક્તિવડે જે જ્ઞાન થાય છે તે પુરૂષોત્તમ-સ્વરૂપનુંજ જ્ઞાન છે, પણ અક્ષરના જ્ઞાનની તે હકીકત નથી; કેમકે તે જ્ઞાન પુરૂષોત્તમથી અભિન્ન છે; માટે ભક્તિને પણ પર્યવસાનદશામાં ફલપણું છે તેબાબત શ્રીકપિલદેવજીયેં તૃતીયસ્કંધમાં દેવહૂતિજીપ્રત્યે કહેલ છે કેઃ—

सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत ।
दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥
स एव भक्तियोगाख्य आत्यन्तिक उदाहृतः ॥

અર્થ—સાલોક્ય, (મ્હારા લોકમાં રહેવું) સાર્ષ્ટિ, (મ્હારી બરોબર ઐશ્વર્ય થવું) સામીપ્ય, (મ્હારી પાસે પાર્ષદ થઇને રહેવું) સારૂપ્ય, (મ્હારા સમાનરૂપ થવું) અને એકત્વ (મ્હારા સ્વરૂપસાથે મળીજવું.) એ હું આપું છું તો પણ મ્હારા ભક્તો મ્હારા સેવનશિવાય બીજું કાંઇ લેતા નથી. એ ઉત્તમોત્તમ ભક્તિયોગ કહેલ છે. એવીરીતે ભક્તિનું લક્ષણ કહેલું છે તેથી ભકિતને ફલપણું છે. ઉપનિષદ્‌માં જ્ઞાનનું નિરૂપણ કર્યું છે અને ભક્તિનું નિરૂપણ નથી કર્યું તેથી ભકિતને નિર્બલતા છે એમ શંકા ન કરવી; કેમકે તેભક્તિનું નિરૂપણ નારદપંચરાત્રમાં નીચેપ્રમાણે લખેલ છે કેઃ—

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः ।
स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा ॥

અર્થ—માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક પ્રભુમાં સ્નેહ થવો તેનું નામ ભક્તિ છે; તેભક્તિવડે મુક્તિ થાય છે તેશિવાય મુક્તિ નથી. તેવું ભક્તિનું લક્ષણ છે તેમાં વેદમાં यतो वाइमानि भूतानि जायन्ते ઇત્યાદિ વાકયો પરમાત્માથી સૃષ્ટિથવાબાબતમાં કહેલ છે તે તેમની મ્હોટાઇ બતાવવામાટે છે અને आत्मनः कामाय सर्वं प्रियं भवति ઇત્યાદિક આત્માની પ્રિયતા બતાવવાનાં વાકયો છે તે સુદૃઢ સ્નેહ બતાવવામાટે છે; તેથી માહાત્મ્યજ્ઞાનપૂર્વક—સુદૃઢસ્નેહરૂપ—ભક્તિમાંજ વેદનું તાત્પર્ય છે અને તેનેમાટેજ કર્માદિકનું નિરૂપણ છે તેબાબત શ્રીભાગવતદ્વિતીયસ્કંધમાં લખેલ છે કેઃ—

भगवान् ब्रह्म कार्त्स्न्येन त्रिरन्वीक्ष्य मनीषया ।
तदध्यवस्यत् कूटस्थो रतिरात्मन्यतोभवेत् ॥

અર્થ—સમર્થ એવા બ્રહ્માજીયેં ત્રણવાર સમગ્ર વેદ જોઇને પોતાની બુદ્ધિવડે નિશ્ચયાત્મક થઇને એવો વિચાર કર્યો કે જે ક્રિયા કરવાથી પ્રભુમાં પ્રીતિ થાય તેજ ક્રિયા કરવી એવો વેદનો અભિપ્રાય છે. અને પ્રભુમાં પ્રીતિ થવી તેનું નામજ ભક્તિ છે માટે ભક્તિનું આવશ્યકપણું હોવાથી તેનો અધિકાર સંપાદનકરનાર જે ઉપદેશ છે તે વૈદિકમુખ્ય એવા શિષ્ટપુરૂષોને અતિ આવશ્યક છે એમ સિદ્ધ થયું. તેમ બ્રહ્મવૈવર્તપુરાણમાં કહેલ છે કેઃ—

मन्त्रोपदेशमात्रेण नरा मुक्ताश्च भारत! ।
पूर्वैश्च कोटिपुरुषैः परैः सार्द्धं हरेरहो! ॥
कोटिजन्मार्जितात्पापान्मन्त्रग्रहणमात्रतः ।
मुक्ताः शुद्ध्यन्ति यत्पूर्वं कर्म निर्मूलयन्ति च ॥
पुत्रान्दारांश्च शिष्यांश्च सेवकान् बान्धवांस्तथा ।
यो दर्शयति सन्मार्गं सद्गतिस्तस्य वै ध्रुवम् ॥
यो दर्शयत्यसन्मार्गं शिष्ये विश्वासितो गुरुः ।
कुम्भीपाके स्थितिस्तस्य यावच्चन्द्रदिवाकरौ ॥

અર્થ—હે ભારત! હરિના મંત્રના ઉપદેશમાત્રવડે પૂર્વ અને પર એવા કરોડો પુરૂષોસાથે મનુષ્યો મુક્ત થાય છે. મંત્રના ગ્રહણમાત્રથી કરોડો જન્મમાં ભેળા કરેલા પાપથી મુક્ત થઇને મનુષ્યો શુદ્ધ થાય છે અને પૂર્વનું જે કર્મ હોય તેને નિર્મૂળ કરે છે. પુત્રો, સ્ત્રિયો, શિષ્યો, સેવકો અને બાન્ધવોને જે સન્માર્ગ બતાવે છે તેની નિશ્ચય સદ્ગતિ છે. વિશ્વાસવાળો જે ગુરુ શિષ્યને અસન્માર્ગ બતાવે છે તેની જ્યાંસુધી ચંદ્ર, સૂર્ય રહે ત્યાંસુધી નરકમાં સ્થિતિ રહે છે. એમ બ્રહ્માપ્રત્યેં નારદજીનું વાક્ય છે તેમાં ઉપદેશમાત્રથી સદ્ગતિ થવાનું કહેલું છે અને અવળામાર્ગનો ઉપદેશકરવામાં દુર્ગતિથવાનું કહેલું છે, તેમ શ્રીભાગવતચતુર્થસ્કંધના બારમા અધ્યાયમાં કહ્યું છે કેઃ—

ज्ञानमज्ञाततत्त्वाय यो दद्यात्सत्पथे स्थितः ।
कृपालोर्दीननाथस्य देवास्तस्यानुगृह्णते ॥

અર્થ—સન્માર્ગમાં રહેલો જે પુરૂષ તત્વ નહિંજાણનારને જ્ઞાન આપે છે તે-કૃપાળુ અને દીનના નાથ એવા પુરૂષને દેવતાઓ અનુગ્રહ કરે છે. એવાક્યથી પણ એમજ સિદ્ધ થાય છે કે મંત્રોપદેશકરનારને પણ દેવતાઓ અનુગ્રહ કરે છે. તેમ નારદપંચરાત્રની વિજ્ઞાનોપનિષત્સંહિતાના ૧૬ મા પટલમાં દીક્ષાનો પ્રકાર લખેલો છે તેપ્રમાણે દીક્ષાકરવામાં શિષ્યેં પોતાના ધનનો અર્દ્ધભાગ અથવા ચોથો ભાગ અવશ્ય ગુરુને અર્પણકરવો અને તેમ ન કરે તો દોષ થાય છે એમ કહેલ છે; તેથી આજના સમયમાં તેવો દીક્ષાનો પ્રકાર બતાવીને ધનનો અર્દ્ધ હિસ્સો અથવા ચોથો હિસ્સો આપવાનું ગુરુ કહે તો શિષ્યો લુબ્ધ હોવાથી ગુરુની પણ લુબ્ધ-

પણાની સંભાવના કરીને તેમનો ત્યાગ કરે તેથી આજના સમયમાં દીક્ષાનો પ્રકાર આવશ્યક ન હોવાથી તેમજ ઉપદેશમાં કોઇપ્રકારનો દોષ નહિં હોવાથી ઉપદેશજ યોગ્ય છે. એવીરીતેં નિરૂપણ કરવાથી શ્રીવૈષ્ણવીદીક્ષાનેજ આવશ્યકપણું છે એમ ઉપર વાદીયેં કહેલ હતું તેનો નિરાસ કર્યો; કેમકે બ્રહ્મવૈવર્ત્તપુરાણમાં નારદને ઉપદેશકરાતા રાસેશ્વરમંત્રના પ્રસ્તાવથી દીક્ષાનું નિરૂપણ નથી પણ ઉપદેશનું નિરૂપણ છે માટે તે તે પુરાણમાં તે તે મંત્રનો ઉપદેશ કરેલો હોવાથી તેમાં કહેલી ભક્તિમાં ફળ થવા જેવો અધિકાર સંપાદન કરવામાટે તેને તેનો ઉપદેશ લેવાનું આવશ્યક છે એમ સિદ્ધ થયું. તેથીજ દુર્જન લોકો કહે છે કે પુરાણાદિકમાં એકાદશ્યાદિક વ્રત અને જપાદિકકર્મમાં વૈષ્ણવના ઉદ્દેશથીજ વિધાન છે અને તમે દીક્ષા નહિંહોવાથી એકાદશ્યાદિક વ્રત તથા જપાદિક કરવાના અનધિકારી છો કેમકે તમે અવૈષ્ણવ છો. અને દીક્ષા લીધાવગર તમારા મતમાં વૈષ્ણવ કહેવાતો હોય તો અગ્નિનું જેણે આધાન કરેલું નથી એવો પુરૂષ પણ આહિતાગ્નિ કહેવાશે એવીરીતે દીક્ષા નહિંહોવાથી દુર્જનલોકોનું બોલવું પણ ઉપલા ઉપદેશથી નિરસ્ત થયું, સમજવું. એવીરીતે સર્વમંત્રોના ઉપદેશની તુલ્યતા છે ત્યારે શ્રીકૃષ્ણનો મંત્ર પણ બીજા વૈષ્ણવમંત્રની બરોબર તમારે માનવો જોઇયે. એમ શંકા કરવી નહિ; કેમકે ગૌતમીયતંત્રના પ્રથમાધ્યાયમાં કહેલ છે કેઃ—

गाणपत्येषु शैवेषु तथा शाक्तेषु सुव्रत ! ।
सर्वेषु मन्त्रवर्गेषु वैष्णवः श्रेष्ठ उच्यते ॥
वैष्णवेषु च सर्वेषु कृष्णमन्त्राः फलाधिकाः ।

અર્થ—ગણપતિના, શિવના અને શક્તિના એસર્વમંત્રના સમૂહમાં વિષ્ણુના મંત્ર શ્રેષ્ઠ કહેવાય છે અને વિષ્ણુસંબંધિ સર્વમંત્રોમાં શ્રીકૃષ્ણના મંત્રો અધિક ફલવાળા છે. એ વાક્યથી ફલની ઇચ્છાવાળાઓને શ્રીકૃષ્ણના મંત્રજ આવશ્યક છે અથવા તે તે અધિકારીના ભેદથી વિષ્ણુના મંત્રનો વિકલ્પ હો પણ શ્રીકૃષ્ણના મંત્રોનો ઉત્કર્ષ તો મટતો નથી. આટલી હકીકત પણ ઉપાસનામાર્ગના વિચારથી કહેલી છે. બાકી ભક્તિમાર્ગના વિચારમાં તો શરણમંત્રનો અને આત્મનિવેદનમંત્રનો ઉપદેશજ અધિકારપ્રમાણે આવશ્યક છે પણ બીજા મંત્રોની આવશ્યકતા નથી; કેમકે ભગવાને ભક્તિના ઉપાયનો ઉપદેશકરવામાં અધિકારીના વિશેષણપણાથી તે બે મંત્રનીજ હકિકત કહેલી છે. જેમકે શ્રીભાગવતએકાદશસ્કંધના એકાદશાધ્યાયમાં પ્રથમ જ્ઞાનમાર્ગનો ઉપસંહારકરીને તેમાં અશક્તિ હોય તો તે ફલને માટે ભક્તિનું પ્રતિપાદનકરનાર શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવજીપ્રત્યેં કહેલ છે કેઃ—

यद्यनीशो धारयितुं मनो ब्रह्मणि निश्चलम् ।
मयि सर्वाणि कर्म्माणि निरपेक्षः समाचर ॥

અર્થ—જો બ્રહ્મમાં નિશ્ચય મન ધારણકરવાને સમર્થ નહિં હો તો નિરપેક્ષ થઇને મ્હારા નિમિત્ત સર્વ કર્મ કર. એવીરીતેં ફલની ઇચ્છા મુકીદઇને પોતામાં કર્મનું

અર્પણકરવાનું ભક્તિમાટે ઉપદેશકરીને તે કેવીરીતેં કરવું? એમ જાણવાની ઇચ્છા થાય ત્યાં કહેલ છે કે:—

श्रद्धालुर्मे कथाः शृण्वन् सुभद्राः लोकपावनीः ।
गायन्ननुस्मरन् कर्म जन्म चाभिनयन् मुहुः ॥
मदर्थे धर्मकामार्थानाचरन् मदपाश्रयः ।
लभते निश्चलां भक्तिं मय्युद्धव! सनातने ॥

અર્થ—લોકને પવિત્રકરનારી મ્હારી કથાનું શ્રદ્ધારાખીને શ્રવણ કરે, મ્હારા ચરિત્રનું ગાન તથા સ્મરણ કરે, મ્હારા જન્મનો ઉત્સવ કરે, વારંવાર મ્હારેમાટે ધર્મ, કામ અને અર્થનું આચરણ કરે, તેમજ મ્હારો આશ્રય રાખે તે પુરુષ હે ઉદ્ધવ! સનાતન એવો જે હું તેમાં નિશ્ચલભક્તિને મેળવે છે. એવીરીતેં કહેલ છે ત્યાં કેવીરીતેં ભગવાનમાં કર્મનું અર્પણ કરવું? તેનો પ્રકાર કહેલ છે કે પોતાનો આશ્રયકરીને રહેલો હોય તેવા ભક્તને ભગવાનની કથાનું શ્રવણ કરવું. તેના જન્મ તથા ચરિત્રનું ગાન અને સ્મરણ તથા તેના ઉત્સવકરવાપૂર્વક ધર્મ, કામ અને અર્થનું આચરણ કરવું. એમ પોતામાં અર્પણ કરવાનો પ્રકાર ભગવાને કહેલ છે તેમાં આશ્રય કરવાનું કહેલ છે તે શરણગમનજ બતાવેલું છે; કેમકે કોશમાં રક્ષાકરવામાં શરણપદ રૂઢ છે તેથી સર્વઠેકાણે ભગવાનજ રક્ષક છે એવા અનુસંધાનનેજ શરણગમન સમજવું. ઉદ્ધવજીને આવીરીતેં ઉપદેશકરનાર શ્રીકૃષ્ણભગવાન્ પોતેજ હોવાથી મ્હારી શરણે આવવું, મ્હારો આશ્રય કરવો, એવું લખેલું છે; પણ તેમાં શ્રીકૃષ્ણને શરણે જવાનુંજ સિદ્ધ થાય છે તે પરોક્ષ હોય ત્યારે શ્રીકૃષ્ણજ મ્હારા આશ્રયરૂપ છે એવીરીતનું અનુસંધાન રહે તેવો મંત્ર श्रीकृष्णः शरणं मम એમ સિદ્ધ થાય છે. તેનોજ ઉપદેશ કરવો જોઇયેં એવું ભગવાનના અભિપ્રાયમાં છે તેથીજ બીજા વાક્યમાં ઉદ્ધવજી પ્રત્યેં કહેલ છે કે:—

तस्मात्त्वमुद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनाम् ।
प्रवृत्तं च निवृत्तं च श्रोतव्यं श्रुतमेव च ॥
मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम् ।
याहि सर्वात्मभावेन मया स्या ह्यकुतोभयः ॥

અર્થ—કેવળ ભાવવડે શ્રીગોપીજનવિગેરે મને પ્રાપ્ત થયેલ છે માટે હે ઉદ્ધવ! તું વિધિ—નિષેધને છોડીને પ્રવૃત્તકર્મ, નિવૃત્તકર્મ, સાંભળવાનું હોય તે અને સાંભળેલું હોય તે સર્વ છોડીને સર્વ દેહિના આત્મારૂપ એવા કેવળ હું તેનીજ શરણે સર્વાત્મભાવવડે આવ અને મ્હારાવડેજ अकुतोभय (જેને કોઇથી ભય નથી એવો) થા. એમ કહ્યું છે ત્યાં કેવળ પોતાનીજ શરણે આવવાનો ભગવાને ઉપદેશ કર્યો છે. અને તેમાં મ્હારાવડે ક્યાંઇથી ભય નથી એમ બતાવી બીજાને શરણે જવામાં ભય બતાવ્યો છે અને પોતાને શરણે આવવામાં નિર્ભય બતાવ્યું છે. તેમ ગીતાજીમાં

પણ મ્હારો આશ્રયકરીને રહેનાર પાપયોનિવાળા સ્ત્રી, શૂદ્ર અને વૈશ્ય પણ ઉત્તમગતિને પ્રાપ્ત થાય છે. એમ કહ્યું છે તેમ છેવટ અર્જુનને ઉપદેશ કર્યો છે ત્યાં પણ કહ્યું છે કેઃ—

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

અર્થ—સર્વધર્મને પોતરફથી છોડીને એક એવો જે હું તેને શરણે આવ. હું ધર્મ છોડયાબાબતના સર્વપાપથી તને છોડાવીશ, તું શોક ન કર, એમ કહ્યું છે ત્યાં પણ સર્વધર્મ છોડી પોતાને શરણે આવવાનોજ શ્રીભાગવત એકાદશસ્કંધમાં ઉધ્ધવને અને શ્રીગીતાજીમાં અર્જુનને ઉપદેશકરનાર શ્રીકૃષ્ણભગવાન્ પોતે પ્રત્યક્ષ હતા તેથી તું મ્હારી શરણે આવ એમ કહ્યું છે પણ જ્યારે ભગવાન્ પ્રત્યક્ષ ન હોય ત્યારે ઉપર બતાવેલો શરણગમનનો અષ્ટાક્ષરમંત્રજ યોગ્ય છે. તેટલાથી કોઇ શબ્દને લૌકિકપણું નથી; કેમકે જેબાબતનું પ્રતિપાદન કરવું હોય તેની સિદ્ધિનેમાટે ભિન્ન ભિન્ન ઊહ થાય છે. તેબાબત જૈમિનીયસૂત્રમાં કહેલ છે કે પદ અથવા પદનો એકદેશબતાવીને અભિપ્રાય સિદ્ધ કરવો તે ऊह કહેવાય છે તે પોતે મંત્રરૂપ નથી તોપણ તેનાથી જે વાકય સિદ્ધ થાય છે તેને મંત્રપણું સિદ્ધકરનારજ છે પણ મંત્રપણાને તોડનાર નથી. જો તેમ ન હોય તો વેદમાં अग्नये जुष्टं निर्वपामि એમ અગ્નિના ઉદ્દેશથી ક્રિયાકરવાનું લખેલ છે ત્યાં સૂર્યનેમાટે કરવી હોય તો सूर्याय जुष्टं निर्वपामि એમ લખેલ છે તેને બાધ આવે. જ્યારે શરણગમનનો ઉપદેશ કરવો હોય ત્યારે श्रीमन्मुकुन्दचरणौ सदा शरणमहं प्रपद्ये એ અઢારઅક્ષરનો મંત્ર અને शरणागतगोपालः એ આઠઅક્ષરનો મંત્ર પ્રાચીન છે તે બે મંત્રમાંથી એક મંત્રનો ઉપદેશ કેમ નથી કરતા? એવી શંકા કરવી નહિં; કેમકે તે મંત્ર ઉપાસનામાર્ગીય છે પણ ભક્તિમાર્ગીય નથી. ઉપાસનામાર્ગીયમંત્રનો આદર કરવામાં શું દોષ છે? એમ પૂછતો હો તો શરણે જવાથી જે ફળ મળવાનું કહેલ છે તે મળે નહિં એટલુંજ અમે કહિયેં છીયેં; તેથીજ જૈનની દયાનો પણ શિષ્ટ લોકો અનાદર રાખે છે તે યોગ્ય છે. તેમ ન હોય તો "બ્રહ્મચર્ય, અહિંસા, અપરિગ્રહ અને સત્ય તેનું યત્નવડે રક્ષણ કરવું" એવી રીતે વેદમાં કહેલું છે તેની છાયા જૈનમાં પણ કહી શકાય છે; કેમકે અહિંસારૂપ ધર્મ તેમાં રહેલો છે તેથી તેને ગ્રહણ કરવાપણું પ્રાપ્ત થશે પણ શિષ્ટ લોકો તેનો આદર કરતા નથી. તેથીજ માધવાચાર્યે સ્મૃતિપાદમાં કહેલ છે કેઃ—

शक्योक्ताहिंसनं धर्मो न वाऽधर्मः श्रुतत्वतः ।
न धर्मो न हि पूतं स्याद्गोक्षीरं श्वदृतौ भृतम् ॥

અર્થ—જૈને કહેલ અહિંસનરૂપ જે ધર્મ છે તે ધર્મ નથી; તેમ વેદમાં અહિંસન કહેલ છે તેથી તે અધર્મ પણ કહી શકાતો નથી તોપણ ગાયનું દૂધ પવિત્ર છે છતાં કુતરાના શરીરની મશકમાં તે દૂધ રહેલ હોય તો તે પવિત્ર ગણાતું નથી. તેવી-

રીતેં વેદમાં અહિંસન ધર્મ કહેલ છે તેથી અહિંસનને ધર્મપણું છે, તોપણ ધર્મ-વિરુદ્ધમાર્ગની અંદર રહેવાથી તેને ધર્મપણું નથી. એમ માધવાચાર્યે કહેલ છે તેમ શ્રુતિનો વિચાર કરીયેં તોપણ ગોપાલપૂર્વતાપિની ઉપનિષદ્‌માં કહેલ છે કેઃ—

यो ब्रह्माणं विदधाति पूर्वं यो विद्या तस्मै गोपायति कृष्णः ।
यस्तं देवमात्मवृत्तिप्रकाशं मुमुक्षुर्वै शरणमनुव्रजेत् ॥

અર્થ—જે શ્રીકૃષ્ણ પ્રથમ બ્રહ્માને ઉત્પન્ન કરે છે, પછી તેને, જેશ્રીકૃષ્ણ વિદ્યા આપે છે અને જેશ્રીકૃષ્ણ રક્ષણ કરે છે; આત્માની વૃત્તિને પ્રકાશકરનાર તેશ્રીકૃષ્ણની શરણે મુમુક્ષુ પુરૂષ જાય. એમ શરણગમન પણ શ્રીકૃષ્ણનુંજ કહેલ છે અને તેના આરંભમાં પણ श्रीकृष्णो वै परमं दैवतम् એમ લખેલું છે. ત્યાં પરમ-દૈવત શ્રીકૃષ્ણ સિદ્ધકરેલ છે; તેનું અનુસંધાનકરવામાં શ્રીકૃષ્ણશરણરૂપ છે. એમ કહેવાથી બેપદની પ્રથમાવિભક્તિજ સિદ્ધ થાય છે અને તે કોને શરણરૂપ છે? એમ વિચાર કરતાં જે શરણે જનાર છે તેની ષષ્ઠીવિભક્તિજ પ્રાપ્ત થાય છે અને બીજી શ્રુતિમાં मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये (નિશ્ચય મુમુક્ષુ એવો જે હું તે શરણે જાઉં છું.) એમ કહેલ છે ત્યાં પોતાને કહેનાર अहं પદ મૂકેલ છે તે પ્રથમાવિભક્તિનું છે તેની ષષ્ઠીવિભક્તિ मम થાય છે એવીરીતેં વિભક્તિ બદલાવવાથી આ अष्टाक्षर મંત્ર સિદ્ધ થયો છે તેથી કોઇને પણ અવૈદિકપણું નથી. મંત્રોમાં વિભક્તિ બદલાવવી યોગ્ય નથી એમ શંકા કરવી નહિં કેમકે જૈમિનીયસૂત્રના નવમા અધ્યાયમાં પ્રથમ-પાદમાં विकारस्तत्प्रधाने स्यात् એ સૂત્રના અધિકરણમાં अयं यजमानः आयुराशास्ते (આ યજમાન આયુષ્યને ઇચ્છે છે) ઇત્યાદિકફળને પ્રકાશકરનાર મંત્રને सत्रिणामेते यजमाना आशासते (યજ્ઞ કરવાવાળાઓના મધ્યમાં આ યજમાનો ઇચ્છા રાખે છે) એવીરીતેં બીજાવચનના ઊહનો અંગીકાર કરેલો છે, તે જેમ અહિં એકવચનને બદલે બહુવચન વાપરેલ છે તેમ વિભક્તિ પણ બદલાવી શકાય છે એવો તેનો અભિપ્રાય છે. તે દેખાતો એવો જે અર્થ તેમાં રહેલા તાત્પર્યને નિભા-વવામાટે છે. પદના એકભાગને બીજીરીતેં કલ્પવો તેનું નામ વિપરિણામ છે તેવીરીતેં અહિં એકવચનને બદલે બહુવચનરૂપ વિપરિણામ માનેલો છે એમ શ્રુતિમાં પ્રથમાવિભક્તિનું अहं પદ છે તેને બદલે અષ્ઠાક્ષરમંત્રમાં मम પદ લખેલ છે તેપણ વિપરિણામજ છે. કેટલાક તો વિષ્ણુસહસ્રનામાદિકમાં ભીષ્મ અને વૈશં-પાયન કહેવાવાળા છે તેને જૂદા કરીને જેમ વ્યાસને ઋષિ માનેલા છે તેવીરીતેં ગીતાજીમાં સંજયને જૂદા કરીને વ્યાસને પણ ઋષિપણું માનનારા નીચેના શ્લોક-માંથી તે મંત્રનો ઉદ્ધાર કરે છે.

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः ।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

આશ્લોકમાંથી એવીરીતે મંત્રનો ઉદ્ધાર કરે છે કે જેયોગમાં એટલે અન્વયમાં ઈશ્વર મુખ્ય કૃષ્ણ છે ત્યાં શ્રી જોડવી; એટલે श्रीकृष्ण એમ કહેવું. બ્રહ્મ-

વૈવર્ત્તપુરાણમાં શ્રીકૃષ્ણજન્મખંડના પર મા અધ્યાયમાં राधाकृष्ण એવો ઉચ્ચાર કરવાના પ્રસંગમાં કહેલ છે કેઃ—

जगन्माता च प्रकृतिः पुरुषश्च जगत्पिता ।
गरीयसी त्रिजगतां माता शतगुणैः पितुः ॥

અર્થ—જગતની માતા પ્રકૃતિ અને પુરૂષ તેના પિતા છે તેમાં ત્રણે લોકવાળાને પિતા કરતાં માતા સોગણી માન્ય છે. ઇત્યાદિક વાકયોથી માતાનું માન વિશેષ રાખવું જોઇયેં માટે કૃષ્ણની પહેલે શ્રી નામનો પ્રયોગ છે એમ श्रीकृष्ण પદનો ઉદ્ધાર થાય છે. पा નો રક્ષણકરવારૂપ અર્થ થાય છે તેથી यत्र पार्थः જ્યાં રક્ષાકરવાનો અ છે તેવો ધનુર્ધર છે, એટલે ધનુષ્ જેનું ધારણ કરે છે તે બાણ કહેવાય છે બાણનું નામ शर છે તે રક્ષણકરવાના અર્થમાં शृ ધાતુને ल्युट् પ્રત્યય કરવાથી સિદ્ધ થાય છે, ત્યારે शरण શબ્દ થાય છે. વળી शरणं गृहरक्षित्रोः (શરણશબ્દ ઘર અને રક્ષણકરનારને કહેનાર છે) એમ કોષમાં કહેલ છે તેથી રક્ષાકરવામાટે शरणम् પદનો ઉદ્ધાર થાય છે. જેવીરીતેં श्रीकृष्णः અને शरणम् એ બેપદનો ઉદ્ધાર કર્યો તેવીરીતેં જ્યાં ઉદ્ધાર કરવો ત્યાં मम જોડવું એમ यत् શબ્દ અને तत् શબ્દનો સંબંધ નિત્ય હોવાથી મૂળશ્લોકમાં यत् શબ્દમાંથી થયેલ यत्र અવ્યય હોવાથી तत् શબ્દમાંથી થયેલ तत्र અવ્યય ઉપરથી લઇને અર્થ કરી મંત્રનો ઉદ્ધાર કરવો. અને મૂલશ્લોકમાં तत्र પદ છે તેનો અર્થ એવો કરવો કે જ્યાં ઉપર પ્રમાણે ઉદ્ધાર કરેલ श्रीकृष्णः शरणं मम મંત્ર છે ત્યાં विजय, भूति (ઐશ્વર્ય) नीति અને मति નિશ્ચલ છે. એમ શ્લોકના ઉત્તરાર્દ્ધમાં ફલ બતાવેલું છે. અહિં વિજયાદિક પદથી ઐહિકફલ અને મતિપદથી જ્ઞાન નિશ્ચલ કહેલ છે અને ભકિત તથા અભયતા પ્રથમજ કહેલ છે તેથી તેવીરીતે મંત્રથી ભગવાનની શરણે જવામાં સર્વફલ સિદ્ધ થવાનું બતાવેલું છે અને શરણ આવવાથી સર્વપાપથી મુકત કરવાનું તે પ્રથમજ ભગવાને सर्वधर्म्मान् परित्यज्य એ શ્લોકમાંજ કહેલ છે. એવીરીતેં અષ્ટાક્ષરમંત્રનો ઉદ્ધાર ગીતાજીના છેલ્લા શ્લોકથી કરેલ છે. સ્કંદપુરાણના પ્રભાસખંડમાં ભગવાનના વાકયમાં કહેલ છે કેઃ—

नाम्नां मुख्यतरं नाम कृष्णाख्यं यत्परंतप! ।
प्रायश्चित्तमशेषाणां पापानां मोचकं परम् ॥

અર્થ—ભગવાનનાં સર્વ નામો છે તેમાં સર્વથી મુખ્યનામ શ્રીકૃષ્ણનામ છે તે સર્વપાપને નિવૃત્તકરવામાં પ્રાયશ્ચિત્તરૂપ અને પાપથી છોડાવનારૂં છે. એમ પ્રાયશ્ચિત્તમયૂખમાં તે વાકય લખેલ છે તેમાં ભગવાનના નામમાત્રને પણ સર્વપાપ નિવૃત્તકરવાપણું છે એમ કહ્યું છે તેથી આ અષ્ટાક્ષરમંત્રને સર્વફળદેવાપણું સિદ્ધ થયું છે. એજ અભિપ્રાયથી કોઇ મહાત્માયે કહેલ છે કેઃ—

किं मन्त्रैर्बहुभिर्विनश्वरफलैरायाससाध्यैर्मखैः ।
किञ्चिल्लोपविधानमात्रविफलैः संसारदुःखावहैः ॥

एकः सन्नपि सर्वमन्त्रफलदो लोपादिदोषोज्झितः ।
श्रीकृष्णः शरणं ममेति परमो मन्त्रोऽयमष्टाक्षरः ॥

અર્થ—જેનું ફલ નાશવાળું છે એવા ઘણા મંત્રોથી શું થાય તેમ છે? તેમ ઘણી મહેનતથી સિદ્ધ થાય તેવા અને કોઇકવિધાનમાં લોપ થાય તો વિપરીતફલ આપે અને સંસારમાં દુઃખ કરે એવા યજ્ઞોવડે પણ શું થાય તેમ છે? એક છે છતાં સર્વ-મંત્રના ફલને આપનારો અને લોપાદિદોષ જેમાં નથી એવો श्रीकृष्णः शरणं मम એ આઠ અક્ષરનો મંત્રજ સર્વમાં ઉત્તમ છે. કેટલાએક આ મંત્ર અને આ શ્લોક નારદપંચરાત્રમાં કહેલો છે એમ કહે છે તે પક્ષ પણ અમને રુચતો નથી; કેમકે આકૃતિ સરખી હોય તોપણ સ્વરૂપનો ભેદ હોય છે એમ લોકવેદાધિકરણખંડનના નિબંધમાં અને વિદ્વન્મંડનમાં बहूनि सन्ति नामानि એ વાક્યાર્થના વિચારમાં તેમજ ભક્તિહંસમાં વિસ્તારથી નિરૂપણ કરેલ હોવાથી ભક્તિમાર્ગીયમંત્રને ભિન્નપણુંજ યુક્ત છે. વળી શિષ્ટાચારનો વિચાર કરીયેં ત્યાં પણ આ અષ્ટાક્ષરનો ઉપદેશજ આવશ્યક છે; કેમકે મહાભારતમાં અજગરના પ્રસંગમાં યુદ્ધિષ્ઠિરનું વાક્ય છે કેઃ—

तर्कोऽप्रतिष्ठः श्रुतयो विभिन्ना नैको मुनिर्यस्य वचः प्रमाणम् ।
धर्म्मस्य तत्त्वं निहितं गुहायां महाजनो येन गतः स पन्थाः ॥

અર્થ—તર્કથી ધર્મનો વિચાર કરીયેં તો વ્યાસસૂત્રમાં કેવલ તર્ક અપ્રતિષ્ઠ (અમાન્ય) કહ્યો છે, શ્રુતિયોથી વિચાર કરીયેં તો તે ભિન્ન ભિન્ન નિરૂપણ કરે છે, અને મુનિના વચનનો વિચાર કરીયેં તો મુનિ એક નથી કે જેમુનિનું વચન પ્રમાણ માનીયેં; એવીરીતેં ધર્મનું તત્ત્વ ગુપ્ત રહેલ છે પણ શિષ્ટલોકો જેમાર્ગે ચાલ્યા હોય તે માર્ગ સત્ય માનવો. એમજ મિતાક્ષરાદિક સર્વનિબંધમાં બ્રહ્માંડપુરાણનું વાકયછે કેઃ—

साधूनां समयश्चापि प्रमाणं वेदवद्भवेत् ॥

અર્થ—સત્પુરુષોનો સિદ્ધાન્ત પણ વેદની પેઠેં પ્રમાણરૂપ છે. એવાક્યનું કલિયુગમાં વિશેષ પ્રામાણ્ય બતાવ્યું છે તેથીજ પ્રથમસ્કંધનાં શ્રીસુબોધનીજીમાં શ્રી-આચાર્યજી—મહાપ્રભુજીયેં લખેલ છે કે શ્રીભાગવતનું વ્યાખ્યાન કરવાની મને આજ્ઞા આપી અને વાણીના પતિરૂપ અગ્નિશિવાય શ્રીભાગવતનો અર્થ બીજો કોઇ કરી શકશે નહિં એમ પોતાનું સ્વરૂપ તેમજ અનુભવ કહેલ છે. એવીરીતેં અનુભવ અને સ્વરૂપમાં પ્રમાણ શું? એમ કહેતા હો તો આચાર્યપણુંજ પ્રમાણરૂપ છે એમ અમો કહિયેં છીયેં; કેમકે પ્રસ્થાનને પ્રવર્ત્તાવનાર આચાર્યોના સર્વગ્રંથમાં પોતપોતાના અનુભવને બતાવનારાં વાક્યો દેખાય છે. જેમકે માધ્વસંપ્રદાયમાં विष्णोः पदे परमे मध्व उत्सः એશ્રુતિમાં मध्व પદવડે 'માધ્વાચાર્ય' એવું વ્યાખ્યાન કરેલ છે. તેમ વાયુના અવતારપણું તેનું સિદ્ધ કરેલ છે અને આચાર્યની આજ્ઞાથી વૃષ ઉત્પન્ન થઇ જયતીર્થ થયા તે ભાષ્યનું વ્યાખ્યાનકરનાર થયા. તેમજ રામાનુજાચાર્ય શેષાવતાર થયા. અને માયાવાદિસંપ્રદાયમાં પણ વ્યાસ અને શંકરનો વિવાદ થયો તેમાં ગણેશનું સાક્ષિપણું હતું ત્યાં ગણેશે કહેલ છે કે 'વ્યાસ સાક્ષાત્

નારાયણ છે અને શંકરાચાર્યે પોતે સાક્ષાત્ શંકર છે તેમનો વિવાદ ચાલ્યો તેમાં કિંકર એવો હું શું કરૂં.' એમ કહેલ શ્લોક પ્રસિદ્ધ છે. તેમ ગૌડમાં કૃષ્ણચૈતન્ય ભગવાનના અવતારપણાથી પ્રસિદ્ધ છે. તેમ સૌંદર્યલહરીમાં "હે હિમાલયની પુત્રિ! તમારા હૃદયમાંથી દૂધનો પ્રવાહ વહે છે તે સરસ્વતીસંબંધી હોય તેવો છે તે દયાવાળાં એવાં જે તમે તેણે આપેલા દૂધને બ્રહ્માના પુત્ર મહાદેવજી (શંકરાચાર્ય) આસ્વાદન કરીને પ્રૌઢકવિયોમાં સ્તુતિકરવાયોગ્ય અને કવિ થયા છે," એમ પોતાનો અનુભવ કહ્યો છે. તેથી આચાર્યપણાથીજ તેમના વાક્યમાં કોઇ જાતની શંકા નથી પણ વેદથી વિરુદ્ધપણું હોય તોજ અપ્રમાણપણું છે; માટે મંત્રલક્ષણના અધિકરણમાં શિષ્ટોના મંત્ર છે એવી પ્રસિદ્ધિ છે એજ સિદ્ધાન્તનું લક્ષણ હોવાથી એ આનુપૂર્વિવડે મંત્રપણું નિર્બાધ છે. અથવા આઅષ્ટાક્ષરવાક્યમાં श्रीकृष्णः એટલું નામજ મંત્ર છે; કેમકે નામનું મંત્રપણું સર્વશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે અને બાકી રહેલ शरणं मम એટલો શરણનો ઉપદેશ છે તેથીજ શરણમંત્ર જેને આપેલો હોય છે તેને નામ આપ્યું, નામધારી અને નામ પમાડ્યું એવીજ પ્રસિદ્ધિ છે તેથી કોઇ પ્રકારની શંકાનો લેશ નથી. એવીજ રીતેં બ્રહ્મવૈવર્ત્તપુરાણના બ્રહ્મખંડના ૧૧ મા અધ્યાયમાં કહેલ છે કેઃ—

> वैष्णवानां हरेरर्चा तपस्या च श्रुतौ श्रुता ।
> वैष्णव! त्वं गृहे तिष्ठ कुरु कृष्णपदार्चनम् ॥ १ ॥
> अन्तर्बाह्ये हरिर्यस्य तस्य किं तपसा सुत! ।
> नान्तर्बाह्ये हरिर्यस्य तस्य किं तपसा वृथा ॥ २ ॥
> तपसा हरिराराध्यो नान्यः कश्चन विद्यते ।
> यत्र तत्र कृतं कृष्णसेवनं परमं तपः ॥ ३ ॥

અર્થ—વૈષ્ણવોને હરિનું જે પૂજન કરવું તે વેદમાં તપસ્યા કહેલી છે; માટે હે વૈષ્ણવ! તું ઘરમાં રહે અને શ્રીકૃષ્ણના ચરણનું અર્ચન—કર. ભીતર અને બહાર જેને હરિ છે તેને હે પુત્ર! તપવડે શું છે? ભીતર અને બહાર જેને હરિ નથી તેને તપવડે શું છે? વૃથા છે. તપવડે હરિ આરાધ્ય છે બીજો કોઇ છે નહિં માટે જ્યાં ત્યાં શ્રીકૃષ્ણનું સેવન કર્યું તે પરમતપ છે. એમ નારદજીપ્રત્યે બ્રહ્માનું વાક્ય છે. તેમજ બ્રહ્મવૈવર્ત્તપુરાણના પ્રકૃતિખંડમાં સાવિત્રીપ્રત્યેં બ્રહ્માનું વાક્ય છે કેઃ—

> वत्से! चतुर्षु वेदेषु धर्मेषु संहितासु च ।
> पुराणेष्वितिहासेषु पञ्चरात्रादिकेषु च ॥ १ ॥
> अन्येषु धर्मशास्त्रेषु वेदाङ्गेषु च सुव्रते! ।
> सर्वेष्टं सारभूतं च मङ्गलं कृष्णसेवनम् ॥ २ ॥

અર્થ—હે વત્સે! ચારવેદોમાં, સર્વધર્મોમાં, સંહિતાઓમાં, પુરાણોમાં, ઇતિહાસોમાં, પંચરાત્રાદિકતંત્રોમાં, બીજા ધર્મશાસ્ત્રોમાં, અને વેદનાં અંગોમાં હે સુવ્રતે! સર્વને પ્રિય, સારભૂત અને મંગળરૂપ શ્રીકૃષ્ણનું સેવન છે. એવી રીતેં શ્રીકૃષ્ણના

સેવનનેજ પરમતપપણાથી અને સર્વના ઇષ્ટાદિરૂપપણાથી કથન છે તેથી શ્રીકૃષ્ણનું સેવન આવશ્યક છે તે સેવન શરીરાદિકના વ્યાપારરૂપ છે તેબાબત ગરુડપુરાણમાં કહેલ છે કે:—

'भज' इत्येष वै धातुः सेवायां परिकीर्त्तितः ।
तस्मात् सेवा बुधैः प्रोक्ता भक्तिः साधनभूयसी ॥

અર્થ—भज् ધાતુ સેવાના અર્થમાં કહેલો છે તેથી સાધન જેમાં ઘણાં છે એવી સેવાનું નામજ भक्ति એમ પંડિતોયેં કહેલ છે. એમ સમાપ્તિના સમયમાં વિષ્ણુ-ભકિતના અધ્યાયમાં વાકય છે તેથી શરીરાદિકના વ્યાપારરૂપ સેવાને ભક્તિરૂપપણું છે. તોપણ આત્મસમર્પણવગર મુખ્યતા થતી નથી. તેબાબત શ્રીભાગવતએકાદશસ્કંધના ૧૯ માં અધ્યાયમાં કહેલ છે કે:—

भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेऽनघ! ।
पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम् ॥

અર્થ—હે પાપરહિત! અત્યંત પ્રિય એવા તમને ભકિતયોગ પ્રથમજ (બારમા અધ્યાયમાં) કહેલ છે અને ફરીને મ્હારી ભકિતનું ઉત્તમ કારણ કહીશ. એમ પ્રેમભકિતનું પરમકારણ કહેવાની પ્રતિજ્ઞા કરીને કહેલ છે કે:—

श्रद्धाऽमृतकथायां मे शश्वन्मदनुकीर्त्तनम् ।
परिचर्या च पूजायां स्तुतिभिःस्तवनं मम ॥ २० ॥
आदरः परिचर्यायां सर्वाङ्गैरभिवन्दनम् ।
मद्भक्तपूजाऽभ्यधिका सर्वभूतेषु मन्मतिः ॥ २१ ॥
मदर्थेष्वङ्गचेष्टा च वचसा मद्गुणेरणम् ।
मय्यर्पणं च मनसः सर्वकामविवर्ज्जनम् ॥ २२ ॥
मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च ।
इष्टं दत्तं हुतं जप्तं मदर्थं यद्व्रतं तपः ॥ २३ ॥

અર્થ—મ્હારી અમૃતરૂપ કથામાં શ્રદ્ધા, નિરંતર મ્હારૂં કીર્ત્તન, મ્હારી પૂજામ નિષ્ઠા, સ્તોત્રવડે મ્હારી સ્તુતિ, મ્હારી સેવામાં આદર, સર્વ અંગથી મને અભિવન્દન, મ્હારા ભકતની અધિક પૂજા, સર્વભૂતમાં મ્હારી બુદ્ધિ, મ્હારામાં મનનું અર્પણ, સર્વકામનો વિશેષતાથી ત્યાગ, મ્હારેમાટે દ્રવ્યનો, ભોગનો અને સુખનો પરિત્યાગ, ઇષ્ટ, દાન આપેલું, હોમેલું, જપેલું અને જે વ્રત અને તપ તે સર્વ મ્હારેમાટેજ કરવું. ઇત્યાદિ શ્લોકવડે શ્રવણ, કીર્ત્તનાદિકનો ઉપદેશ કરીને ભગવાને તેની સમાપ્તિમાં કહ્યું છે કે;—

एवं धर्म्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् ।
मयि संजायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥ २४ ॥

અર્થ—હે ઉદ્ધવ! જેણે આત્મનિવેદન કરેલ છે એવાપુરૂષેકરેલા એવા ઉપર કહેલા જે ધર્મો તેણેકરીને મ્હારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે ત્યારે કયો અર્થ તેને બાકી રહે છે? (કાઇપણ નહિં) એશ્લોકમાં આત્મનિવેદનને ભાક્તના અધિકારપણાનું બોધન ભગવાને કરેલ છે; માટે તેકર્યાશિવાય તો ભક્તિમાં અધિકારજ પ્રાપ્ત નહિંથવાથી કરેલા શ્રવણાદિકને પણ મુખ્યતા કહીશકાતી નથી. ત્યારે તે નવપ્રકારની ભક્તિ પ્રલ્હાદજીયેં સપ્તમસ્કંધમાં કહિ છે તેમાં છેલ્લું આત્મનિવેદન કહેલ છે તેપણ નવની સંખ્યા પૂરવામાટેજ છે છેલ્લી કક્ષામાં આત્મનિવેદન છે એવા અભિપ્રાયથી નથી; કેમકે વંદન અને દાસ્ય તેની કક્ષામાં પણ વ્યભિચાર થાય કારણ કે શ્રવણ, કીર્ત્તન, સ્મરણ, પાદસેવન અને અર્ચન એ પાંચ કહ્યા પછીજ વંદન કહેલ છે તેથી તેપાંચ કર્યા પછીજ વંદનાદિ કરવાનો નિયમ કયાંય સિદ્ધ નથી; માટે આત્મનિવેદન છેલ્લે કહેલ છે તે નવની સંખ્યા પૂરવામાટે છે. સખ્ય આપણે કરીયેં પણ ભગવાન્ ન કરે તો થતું નથી કેમકે તે બેની કૃતિરૂપ છે તેમ आत्मनिवेदन આપણે કરીયેં પણ ભગવાન્ સ્વીકારે નહિં તો થાય નહિં કેમકે તેપણ બેની કૃતિસાધ્ય છે માટે सख्य તથા आत्मनिवेदन ભગવાનમાં થઇ શકે તેમ નથી એવી શંકા કરવી નહિં; કેમકે सख्यને તેમના વિશ્વાસાદિરૂપપણું છે અને आत्मनिवेदनને વેચેલી ગાય, બલદ, કે ઘોડાવિગેરેમાં જેમ પોતાપણાના અભાવનું અનુસંધાન થાય છે તેમ દેહાદિકમાં તેવા પોતાપણાના અભાવનું અનુસંધાન કરવાપણું છે એમ શ્રીધરસ્વામીયેં પણ વ્યાખ્યાન કરેલું છે તેથી તે ન બને તેવું નથી જેથી તે સુખેથી થઇ શકે તેમ છે. વળી गौतमीयतन्त्रમાં कृष्णेति द्व्यक्षरो मंत्रः (કૃષ્ણ એપ્રમાણે બેઅક્ષરનો મંત્ર છે) એપ્રમાણે અને પદ્મપુરાણમાં कृष्णेति वैष्णवं मंत्रं श्रुत्वा मुक्तो भवेन्नरः (કૃષ્ણ એવા વૈષ્ણવમંત્રને સાંભળીને માણસ મુકત થાય.) એમ કહેલ છે. તેમ ब्रह्मवैवर्तपुराणમાં श्रीकृष्णजन्मखण्डમાં કહેલ છે કેઃ—

गृहाण मम मन्त्रं च कृष्ण इत्यक्षरद्वयम् ।
सर्व्वेषामेव मन्त्राणां सारात्सारतरं परम् ॥

અર્થ—કૃષ્ણ એવા બેઅક્ષરનો મ્હારો મંત્ર તું ગ્રહણ કર કેમકે સર્વમંત્રોમાં સારથી સારરૂપ તેઉત્તમ મંત્ર છે. એવું વાક્ય છે તેમ બ્રહ્માંડપુરાણમાં अध्यात्मरामायणના યુદ્ધકાંડમાં સુગ્રીવપ્રત્યેં શ્રીરામચંદ્રજીયેં કહેલ છે કેઃ—

सकृदेव प्रपन्नाय तवास्मीत्येव वादिने ।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद्व्रतं मम ॥

અર્થ—એકવારજ શરણે આવી તમારો છું એટલુંજ બોલનારને સર્વપ્રાણિયોથી અભય હું આપું છું એવો મારો સંકલ્પ છે. એમ વિભીષણના ઉદ્દેશથી કહેલ છે. તેમજ ગરુડપુરાણના विष्णुभक्तिના અધ્યાયમાં કહ્યું છે કેઃ—

सकृदेव प्रपन्नो यस्तवास्मीति च यो वदेत् ।
अभयं सर्वभूतेभ्यो दद्यादेतद्व्रतं हरेः ॥

અર્થ—એક વખતજ જે શરણે આવેલો છે અને હું તમારો છું એમ જે કહે છે તેને સર્વપ્રાણિયોથી હરિ અભય આપે છે એવો તેમનો સંકલ્પ છે. એવી રીતે ભગવાનને શરણે જઇને હું તમારો છું એમ કહેવાથી અભય થાય છે. તેમ ગીતાજીમાં અર્જુને છેવટ ભગવાનને કહેલ છે કે મ્હારો મોહ નષ્ટ થયો છે ત્યાં अच्युत! એવું સંબોધન આપેલું છે તેથી શ્રીકૃષ્ણના નામનુંજ સ્મરણ થાય છે તેથી હું "તમારો છું અને મ્હારો સંદેહ ગયો છે હું ઉભો છું અને આપની આજ્ઞાપ્રમાણે કરીશ." એમ તેનો અર્થ હોવાથી તેમંત્રને પૌરાણિકપણાથી ભક્તિમાર્ગીયપણું સિદ્ધ થાય છે પણ ઉપાસનામાર્ગીયપણાનો ગંધ પણ નથી. તેમ बृहदारण्यकोपनिषद्માં મધુવિદ્યામાં કહેલ છે કેઃ—

स वाअयमात्मा सर्वेषां भूतानामधिपतिः सर्वेषां भूतानां राजा तद्यथा रथनाभौ च रथनेमौ चाराः सर्वे समर्प्पिताः एवमेवास्मिन्नात्मनि सर्वाणि भूतानि सर्वे देवाः सर्वे लोकाः सर्वे प्राणाः सर्वएतआत्मानः समर्प्पिताः ॥

અર્થ—તે આ આત્મા સર્વભૂતના અધિપતિ છે અને સર્વભૂતના રાજા છે તે જેમ રથની નાભિમાં અને નેમીમાં આરાઓ બધા નાંખેલા હોય છે તેવી રીતેજ આ આત્મામાં સર્વભૂત, સર્વદેવ, સર્વલોક, અને સર્વપ્રાણો તેમજ સર્વે આ જીવાત્માઓ એ સર્વ અર્પણ કરેલાં છે. એટલે જેમ રથના પૈડામાં આરા હોય છે તે ભીતરની નાઇ અને ઉપરના પાટીયામાં લાગેલા હોય છે તેપાટીયાં અને નાઇશિવાય આરા કાંઇ ઉપયોગના નથી પણ તેમાં લગાવવાથીજ ઉપયોગી થાય છે તેવીરીતે સર્વભૂત, લોક અને પ્રાણવિગેરે આત્માને અર્પિત થાય ત્યારેજ તે સફલ થાય છે તેશિવાય તેની વ્યર્થતા છે, એમ બતાવવાસારૂ આરા અને નાભિનું દૃષ્ટાંત આપેલું છે. આશ્રુતિમાં સર્વભૂતના અધિપતિ કહેલ છે ત્યાં ભૂત પદ કહેલ છે તે જડને બતાવનાર છે; કેમ કે પંચમહાભૂતમાં જડપણું પ્રસિદ્ધ છે અને વેદમાં સર્વ જડની ઉત્પત્તિનું કારણ એકઠાં થયેલ પંચમહાભૂત લખેલ છે. અને સર્વભૂતના રાજા એમ કહેલ છે ત્યાં ભૂત પદ દેહયુક્ત જીવને કહેનાર છે તે न हिंस्यात् सर्वाभूतानि ઇત્યાદિક વાકયોમાં પ્રસિદ્ધ છે. માટે સર્વ જડના અધિપતિપણું અને જીવના રાજાપણું સિદ્ધ થાય છે. તેમાં જીવના રાજાપણું કહ્યું છે તે અનુગ્રહને બતાવવામાટે છે. તેમ ન હોય તો અધિપતિવાકયથીજ અભિપ્રાય સિદ્ધ થતો હતો ત્યારે રાજા એ પદ કહેવાની વ્યર્થતા થાય. પૈડાના આરાનું દૃષ્ટાન્ત આપેલ છે તે આરા જેમ અંદરની નાઇમાં અને ઉપરના પાટલામાં લાગીને રહેલા હોય છે તેવીરીતે પ્રાણથી લઇને આત્માપર્યંત સર્વ લાગેલાં હોવાંજોઇયેં એમ બતાવવામાટે છે, તેથી આ આત્મનિવેદનનો ઉપદેશજ એવી જાતનુ અનુસંધાન થવા સારુ છે; માટે પ્રાણથી આરંભીને આત્માપર્યંત સર્વમાં પોતાપણાની બુદ્ધિ છોડીને ભગવદીયપણાની બુદ્ધિ કરવી એમ સિદ્ધ થાય છે, અને એવી બુદ્ધિ કરવી તેજ અમારા શાસ્ત્રમાં ब्रह्मसंबंध કરવો અથવા आत्मनिवेदन કરવું એવા નામથી કહેવાય છે. એમંત્રનો અભિપ્રાય વેદમાં, પુરાણમાં અને

તંત્રમાં હોવાથી ગુરુયેં વૈદિકપણાથી ઉપદેશ કર્યો હોય તો વૈદિકપણું, તંત્રપણાથી ઉપદેશ કર્યો હોય તો તાંત્રિકપણું અને એકાદશસ્કંધમાં ભક્તિમાર્ગના અધિકારરૂપ કહેલ છે તેપ્રમાણે ઉપદેશ કર્યો હોય તો ભક્તિમાર્ગીયપણું સિદ્ધ થાય છે. એમ શાસ્ત્રાદિકના ભેદથી ફલનો ભેદ છે તેથી 'હે કૃષ્ણ! હું તમારો છું' એવી રીતના અભિપ્રાયવાળા મંત્રને લૌકિકપણું કહેનારા ભ્રાન્ત છે તેનો નિરાસ થયો એમ સમજવું. આટલી હકિકત પણ બહિર્મુખલોકોને શંકાથવાથી તેઓ આક્ષેપ કરે તેના નિરાસમાટે કહેલ છે પણ ખરીરીતે તો સાક્ષાત્–ભગવાન્–શ્રીગોવર્દ્ધનધરેજ આ શરણમંત્ર અને નિવેદનમંત્રનો શ્રીઆચાર્યજીને ઉપદેશ કરેલો છે. એમ સિદ્ધાન્તરહસ્યના વાક્યથી અને સંપ્રદાયથી નિશ્ચય થાય છે. તેથીજ સર્વને એમંત્રનો અધિકાર છે. અને કોઇને એવી શંકા થાય કે મંત્રમાં ऋषि–छंद વિગેરે હોવા જોઇયેં તે અહિં નહિંહોવાથી તેને મંત્રપણું કેમ? એમ કહે તો તે પણ અસંગત છે; કેમકે છંદ અને ઋષિવિગેરેનું જ્ઞાન ઘણું ફલ સિદ્ધકરવાસારૂ હોવાથી મંત્રપણું જાણવામાં તેનો ઉપયોગ નથી. અને કેટલાએક એમ સમાધાન કરે છે કે શારદાતિલકવિગેરેગ્રંથોમાં લક્ષ્મીજીના મંત્રવિગેરેને ઋષિ–છંદ વગેરે કહેલા નથી તેથી સર્વમંત્રમાં ઋષિ–છંદ હોવાનો નિયમ નથી. જેવા મંત્રો છે તેવા મંત્રોના જપથીજ સિદ્ધિ છે. જો કે આ પંચાક્ષરના મંત્રમાં કર્ત્તાપણું પોતાને અર્થાત્ પ્રાપ્ત થાય છે તેથી શંકાનો ઉદય નથી તોપણ જેમ મંત્રશાસ્ત્રના ગ્રંથમાં કેટલાએકમંત્રને ઋષિ–છંદ હોતા નથી છતાં તે સિદ્ધિને આપનાર હોય છે તેવીરીતે આમંત્રનેમાટે પણ એમ કહેવું યોગ્ય છે, અને આ આત્મનિવેદન વૈદિક નથી એવી શંકા તો ઉપર બૃહદારણ્યકની મધુવિદ્યાની શ્રુતિ લખેલી છે તેના પ્રમાણથીજ નિવૃત્ત કરી છે. તેમ બૃહદારણ્યકઉપનિષદ્‌માં જનકરાજાયેં આ વિદેહ દેશ અને હું તમને અર્પિત થયો છું એમ પોતાના ગુરુ યાજ્ઞવલ્કયને આત્મસમર્પણ કરવાનું લખેલ હોવાથી ભગવાનમાં સમર્પણ કરવાનું અર્થાત્ સિદ્ધ થાય છે. જે કોઈ એવી શંકા કરે છે કે દેહ સ્ત્રીનો છે અને ધન પુત્રોનું છે તેથી પારકા પદાર્થનું સમર્પણ કેમ કરાય? તો તે વાત તુચ્છ છે; કેમકે શ્રીભાગવતના અષ્ટમસ્કંધમાં બલિરાજાની સ્ત્રી વિંધ્યાવલીયેં વામનજીને કહેલ છે કે;—

क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते स्वाम्यं तु तत्र कुधियोऽपरईश! कुर्युः।

અર્થ—હે ઇશ! આ ત્રણ જગત્ તમેં તમારી ક્રીડામાટે કરેલ છે તેમાં દુષ્ટબુદ્ધિવાળા બીજાઓ પોતાનું સ્વામિપણું કરે છે. ઇત્યાદિક વાક્યથી સર્વના સ્વામી ભગવાન્ હોવાથી સર્વને ભગવદીયપણું છે તેમાં લૌકિકસ્વામિપણાનો વિચાર કરવો એ ભ્રાન્તિનું ફલ છે. તેમ દેહ સ્ત્રીનો છે એમ માનનારના મતમાં તો યુદ્ધ કરવામાટે યોદ્ધાઓના ગમનને પણ બાધ આવે; કેમકે તેમનો દેહ સ્ત્રીનો હોવાથી તે યુદ્ધમાં શી રીતે જઇ શકે? આવી રીતે પ્રતિપાદન કરવાથી બ્રહ્મસંબંધકરવાનું સ્વરૂપ પણ કહિબતાવેલ છે. તેથી દેહાદિકનું બ્રહ્મસંબંધ કરવું તે દેહાદિકમાં બ્રહ્મનો અધ્યાસ કરવો કે બ્રહ્મ અને તેદેહનો સંયોગ કરવો કે બ્રહ્મમાં દેહનો અધ્યાસ કરવો કે કોઇ બીજો અર્થ છે? એવીરીતની માર્ગના દ્વેષિયોની શંકાનો નિરાસ થયો એમ સમ-

જવું. અને જે એમ કહે છે કે ગાય કે ઘોડો કોઇને આપેલો હોય તેમાં આ મ્હારૂં નથી એવી જેમ બુદ્ધિ થાય છે તેમ દેહાદિકનું અર્પણ થયું છે કે નહિં તે વિચારો. જો તેવી રીતનું અર્પણ થઇને તેવી બુદ્ધિ થઈ નથી તો મેં સમર્પણ કરેલું છે એમ કહેવું તે વૃથા છે અને લોકના અનુભવમાં બાધ આવવાથી બીજું કાંઇ પણ કહીશકાય તેમ નથી કેમકે પોતાપણાનું અભિમાન મટેલ નથી તેમ દેહાદિકનું અર્પણ કરવાથી દેહ તેનો થયો એટલે જાતિનો નાશ થાય છે ઈત્યાદિક શંકા કેટલાએકને થાય છે તેનો ખુલાસો તો જનકરાજાયેં પોતાનો દેહ અને દેશ યાજ્ઞવલ્ક્ય મુનિને અર્પણ કરવાનું વેદમાં લખ્યું છે તેથીજ થઇજાય છે. પોતાપણાનું અભિમાન છોડીને જેમ બ્રહ્મદૃષ્ટિ થાય છે તેવી રીતેજ ભગવદીયપણાની દૃષ્ટિ અહિં અભિપ્રેત છે તેથી બ્રહ્મદૃષ્ટિ ફ્લને ઉત્પન્ન કરે છે તેમ ભગવદીયદૃષ્ટિ પણ ફ્લને ઉત્પન્ન કરે તેમાં કાંઇ બાધ નથી અને અર્પણ કરવાથી જાતિનો નાશ થવાની શંકા કરે છે તે તો જનકરાજાયેં યજ્ઞવિગેરે કર્યાનું વેદમાં કહેલ છે તેથીજ નિવૃત્ત થાય છે. આ મંત્રમાં પ્રણવ કેમ નથી? એમ વાદી શંકા કરે ત્યાં કહે છે કે ગોપાલાદિક મંત્રોમાં પ્રણવ નથી તેને તું દેખતો નથી અને સર્વ મંત્રોમાં પ્રણવના પાઠનો નિયમ નથી એનું તુને અનુસંધાન નથી તે છતાં ભ્રાન્ત થઇને શંકા કરે છે તોપણ ઉત્તર આપીયેં છીયેં કે આ મંત્રને શૂદ્રાદિકના ઉદ્ધારકપણામાટે કેવળભક્તિમાર્ગીયપણું હોવાથી સ્નેહનું પ્રાધાન્ય બતાવવામાટે પ્રણવ નથી એમ તારે સમજવું. માહાત્મ્ય જાણવું એ ભક્તિનું અંગ છે અને સૃષ્ટિ, સ્થિતિ તેમજ સંહારને બતાવનાર પ્રણવ છે તેથી પ્રણવમાં માહાત્મ્યનું જ્ઞાન હોવાથી તે કહેવામાં પણ દોષ નથી એમ શંકા કરવી નહિં. કેમકે આ ભક્તિનું માહાત્મ્ય લોક અને વેદમાં કહેલા માહાત્મ્યથી વિલક્ષણ હોવાથી શ્રીકૃષ્ણ એ મૂળનામવડેજ તેમાહાત્મ્યની સિદ્ધિ થાય છે એમ ભાષ્યાદિકમાં સારી રીતે પ્રતિપાદન કરેલું છે તેથી પ્રણવ દાખલ કરવાથી કાંઇ વિશેષ માહાત્મ્ય સિદ્ધ થાય તેમ નથી. તેમ આમંત્રને ભક્તિમાર્ગીયપણું હોવાથીજ ભૂતશુદ્ધિ, મુદ્રા કે ન્યાસાદિકનો ઉપયોગ જપમાં પણ નથી કેમ કે માર્ગ અને શાસ્ત્રનો ભેદ છે. તેમ "જે એવી રીતે જાણતો હોય તે મધ્યરાત્રિમાં, પ્રાતઃકાળમાં, સૂર્ય ઉદય થતી વખતે, ચાલતાં, ઉઠતાં, બેસતાં, સૂતાં, વનમાં કે ગામમાં હમેશાં અધ્યયન કરે" એશ્રુતિવડે નિત્ય અધ્યયન કહેલું છે તે બ્રહ્મયજ્ઞરૂપ સ્વાધ્યાયના અધ્યયનનું જેમ વિધાન છે તેમ છે તે કાશીખંડના એકવીશમા અધ્યાયમાં કહેલ છે કેઃ—

गच्छता तिष्ठता वाऽपि स्वपता जाग्रता तथा ।
शयानेनोपतिष्ठेन जप्यो नारायणः सदा ॥

અર્થ—ચાલતાં, ઉભા રહેતાં, ઉંઘતાં, જાગતાં તેમજ સૂતાં અને બેસતાં માણસે સદા નારાયણનો જપ કરવો. એવું વાક્ય છે તેથી ભગવાનનું નામ પણ સર્વદા સર્વસ્થળમાં જપવું; માટે પણ તેને ઋષિવિગેરેનું કાંઇ જરૂર નથી. તેમ સર્વપ્રાયશ્ચિત્તનું મૂળભૂત नामोच्चारण છે તેથી નામોચ્ચારણમાત્રથી સમગ્ર પાપનાં પ્રાયશ્ચિત્તો

સિદ્ધ થાય છે. એમ ગરુડપુરાણમાં ધ્યાનની સ્તુતિના અધ્યાયમાં કહેલું છે તેમ અજામિલના આખ્યાનમાં પણ નામથીજ તેના પાપની નિવૃત્તિ થયાનું લખેલું છે તેથી ભગવાનના નામનેજ અસહાયશૂરપણું સિદ્ધથાય છે. કેટલાએકને યુદ્ધકરવામાં જેમ સહાયતા જોઇયેં છીયેં તેમ ભગવાનના નામને પાપસાથે યુદ્ધકરવામાં સહાયતા જોઇતી નથી એમ સિદ્ધ છે; તેથીજ આ શરણમંત્ર અને નિવેદનમંત્રના જપની સંખ્યા શું? તથા હોમદ્રવ્ય શું? એપ્રશ્નનો ઉત્તર પણ આવી ગયો છે. તેમ તેવા મંત્રોને હોમાદિકકરવાનું વિધાન પણ નથી; કેમકે શરણમંત્રમાં ભગવાનને આધીન થવાનું સ્ફુટ છે અને સમર્પણમંત્રમાં પણ તેજ જણાય છે તેથી તેમાં હોમાદિકની કાંઇ જરૂર નથી. નામમંત્ર અસહાયશૂર છે ત્યારે સેવાદિકનો કાંઇ ઉપયોગ નથી એવી શંકા કરવી નહિ કેમકે અધિકારિના ભેદથી સાર્થકપણું છે તેથીજ શ્રીભાગવતએકાદશસ્કંધમાં ઉદ્ધવજીપ્રત્યેં શ્રીકૃષ્ણે કહેલ છે કે કેટલાએક દોષને મ્હારા ધ્યાનવડે અને કેટલાએકને મ્હારા નામવડે નાશ કરે, તેથી ષષ્ઠસ્કંધમાં વિષ્ણુદૂતોયેં યમદૂતોપ્રત્યેં કહેલ છે કેઃ—

सांकेत्यं पारिहास्यं वा स्तोभं हेलनमेव वा ।
वैकुण्ठनामग्रहणमशेषाघहरं विदुः ॥

અર્થ—સંકેતથી લેવાયેલું, પરિહાસમાં લેવાયેલું, ઠપકામાં લેવાયેલું, તિરસ્કારમાં લેવાયેલું પણ ભગવાનનું નામ સમગ્રપાપને મટાડવાવાળું છે એમ ઋષિયો જાણે છે. અહિં પણ અશેષપદમાં સંકોચ જાણવો તેથી નામનું માહાત્મ્ય અમેં કેટલુંક લખીયેં? ખરી રીતેં તો એમંત્રનો ઉચ્ચાર કરવો તે જપ નથી પણ કીર્ત્તન અથવા સ્મરણજ છે. તેથીજ પ્રથમસ્કંધમાં પરીક્ષિતરાજાયેં શુકદેવજીપ્રત્યેં કહ્યું છે કેઃ—

अतः पृच्छामि संसिद्धिं योगिनां परमं गुरुम् ।
पुरुषस्येह यत्कार्यं म्रियमाणस्य सर्वथा ॥
यच्छ्रोतव्यमथो जाप्यं यत्कर्त्तव्यं नृभिः प्रभो!
स्मर्त्तव्यं भजनीयं वा ब्रूहि यद्वा विपर्ययम् ॥

અર્થ—ભગવાને પાંડવો ઉપર અનુગ્રહ કર્યો હતો તે પાંડવોના અનુગ્રહને સિદ્ધકરવામાટે ભગવાને તમને અહિં મોકલ્યા છે એમ હું જાણું છું તેથી યોગિયોના પરમગુરુરૂપ અને સારી રીતેં સિદ્ધિરૂપ એવા તમને હું પૂછું છું કે મરવાને તત્પર થયેલા પુરુષને તથા હમેશાં પુરુષને જે સાંભળવાનું હોય, જે કરવાનું હોય, જે સ્મરણ કરવાનું હોય, જે ભજવાનું હોય અથવા જે ન કરવાનું હોય તે તમે કહો. એમ રાજાયેં પૂછ્યું ત્યારે શ્રીશુકદેવજીયેં દ્વિતીયસ્કંધના પ્રારંભમાંજ કહેલું છે કેઃ—

तस्माद्भारत! सर्वात्मा भगवान् हरिरीश्वरः!
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्त्तव्यश्चेच्छताऽभयम् ॥

અર્થ—હે ભારત! (ભરતવંશમાં ઉત્પન્ન થયેલ પરીક્ષિત્!) ભગવાન્ સર્વના આત્મા, હરિ અને ઈશ્વર હોવાથી અભય ઈચ્છનાર પુરુષે શ્રવણકરવાયોગ્ય, કીર્ત્તનકરવાયોગ્ય, અને સ્મરણકરવાયોગ્ય છે. એશ્લોકમાં સર્વના આત્મા લખેલ છે તેથી પોતાનો આત્મા સર્વને પ્રિય હોવાથી ભગવાનમાં પ્રિયતા બતાવી છે, ભગવાન્ કહેલા છે તેથી ઐશ્વર્ય—વીર્યાદિક—ષડ્ગુણસંપન્ન હોવાથી જે ઈચ્છિત હોય તેને આપવાનું બતાવેલું છે, હરિ કહેવાથી સ્મરણ કરનારના દુઃખ તથા પાપને હરનાર હોવાથી તેમનું શ્રવણાદિક કરવામાં કોઇ દુઃખ આવતું નથી તેમજ પાપ રહેતું નથી એમ બતાવેલું છે અને ઇશ્વર કહેવાથી વેદમાં જેમ શ્રોતવ્યાદિક વિધિવાકયો લખેલ છે તેવી રીતેં આ પણ વિધિવાકયની માફક કહેલું છે તેથી જો તેમનું શ્રવણાદિક કરે નહિં તો તેબાબત પ્રત્યવાય લાગવાથી ભગવાન્ દંડ આપે એમ બતાવ્યું છે. તેમ દ્વિતીયસ્કંધના પ્રથમાધ્યાયની છેવટ, આનંદના નિધિરૂપ—ભગવાનનું ભજનકરવાનું બતાવેલું છે. એવી રીતે મનુષ્યને કર્ત્તવ્યપણાથી શ્રીશુકદેવજીયેં શ્રવણ, કીર્ત્તન, સ્મરણ અને ભજનજ કહેલ છે પણ જપ કહેલો નથી. તેમ એકાદશસ્કંધમાં અને ગીતાજીમાં પણ શ્રવણજ કહેલું છે તે ભગવાન્ અમારા રક્ષક છે એવું અનુસંધાન રાખવું તેનું નામજ શરણ ગમન છે તેથી પણ તેને ઋષિચ્છંદવિગેરેની જરૂર નથી. અને જે મૌન રાખીને, એકાગ્રસ્થિતિ કરીને જપ કરવાનો વ્યવહાર છે તે તો કલિયુગદુષ્ટ હોવાથી તેવા કાર્યમાં બાધક છે; માટે ઘણો વખત એકાગ્રતા રહે નહિં તેથી થોડો વખત તો આગ્રહવડે એકાગ્રતા રાખવી એવા આશયથી સાંપ્રદાયિકોયેં એવો સિદ્ધાન્ત કરેલો છે તેથી જેવું જપનું સ્વરૂપ હોય એવું સ્વરૂપ દેખાવાથી લોકમાં મૌનજપ એમ કહેવાય છે, પરંતુ તેટલાથી મંત્રાદિકના જપના તમામ ધર્મોની તેમાં પ્રાપ્તિ થતી નથી, કેમકે સ્વરૂપનો ભેદ છે એમ પ્રથમજ કહેલું છે તેથીજ આચાર્યજીયેં પણ નવરત્નમાં આજ્ઞા કરેલી છે કેઃ—

तस्मात्सर्वात्मना नित्यं श्रीकृष्णः शरणं मम ।
वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥

અર્થ—તેથીજ સર્વાત્માવડે નિત્ય શ્રીकृष्णः शरणं मम એમ બોલતાંજ હમેશાં રહેવું એટલીજ મ્હારી મતિ છે. એમ આજ્ઞા કરી છે તેમાં નિત્ય અને સતતપદ કહેવાથી કોઇ સમય કે દિવસ પણ તેમ ઉચ્ચાર કર્યાવગર રહેવું નહિં એમ બતાવ્યું છે. એવી રીતેં અષ્ટાક્ષરમંત્ર સર્વદા બોલતા રહેવું એમ સિદ્ધ કર્યું છે અને નિવેદનમંત્રનું સ્મરણ તો

निवेदनं तु स्मर्त्तव्यं सर्वदा(था) तादृशैर्जनैः ॥

અર્થ—નિવેદન તો સર્વથા જે તેવાઓ થયા હોય તેઓની સાથે સ્મરણકરવાયોગ્ય છે અથવા જે ભગવદીય થયા હોય તેમણે સર્વદા સ્મરણકરવાયોગ્ય છે. તેથીજ "હમેશાં વિષ્ણુનું સ્મરણ કરવું કોઇ દિવસ વિસ્મરણ કરવું નહિં" એમ કહ્યું તે પણ ઘટે છે એટલે શંકાનો અવકાશ નથી. મંત્રને ભક્તિમાર્ગીયપણું ભલેં હો

તોપણ ઉપદેશઆપનારાઓયેં શિષ્યની પરીક્ષા તો અવશ્ય કરવી જોઇયેં એમ શંકા કરે તો કહે કે હા ખરી વાત છે પરંતુ શિષ્યમાં શેની પરીક્ષા કરવી? શ્રદ્ધાની પરીક્ષા કરવી એમ કહેતા હો તો અમે કબુલ કરીએ છીએં પણ તે શ્રદ્ધા મનનો ધર્મ હોવાથી તેથી થયેલા બહારના ધર્મોથી શ્રદ્ધા જાણી શકાય છે તોપણ જેમ પુત્રના ઉપનયનાદિકની આવશ્યકતા છે તેમ શિષ્યની પરીક્ષાની આવશ્યકતા નથી; કેમકે બ્રહ્મવૈવર્ત્તપુરાણના વચનમાં મંત્રના ઉપદેશમાત્રથી માણસો પવિત્ર થાય છે એમ કહેલું હોવાથી તેવો નિશ્ચય થાય છે તેમ નમ્રતાવિગેરે ધર્મથી શ્રદ્ધાનું અનુમાન થઇશકે છે માટે દંભાદિકવડે નમ્ર થઇને શરણ આવેલો હોય તોપણ ગુરુમાં તેના દોષનો સંચાર થતો નથી એમ ઉપર કહેલા વાક્યવડેજ સિદ્ધ છે. તેમ મંત્રશાસ્ત્રના तत्त्वसार નામના ગ્રંથમાં કહેલ છે કેઃ—

दुर्लभे सद्गुरूणां तु स्यात्तत्सङ्गउपस्थिते ।
तदनुज्ञा यदा लब्धा स दीक्षावसरो महान् ॥ १ ॥
ग्रामे वा यदि वाऽरण्ये क्षेत्रे वा यदि वा निशि ।
आगच्छति गुरुर्दैवात् मुदा दीक्षा तदाज्ञया ॥ २ ॥
यदैवेच्छा तदा दीक्षा गुरोराज्ञानुरूपतः ।
न तिथिर्न तथा होमो न स्नानं न जपः क्रिया ॥ ३ ॥
दीक्षायाः कारणं किन्तु स्वेच्छावाप्ते तु सद्गुरौ ।
इति शुद्धिस्तु सर्वस्य ज्ञात्वा दीक्षेति तद्विधिः ॥ ४ ॥

અર્થ—સદ્ગુરુઓનો સંગ દુર્લભ છે તે સંગ જ્યારે પ્રાપ્ત થાય અને તેમની આજ્ઞા જ્યારે મળી ત્યારે તે મ્હોટો દીક્ષાનો સમય છે. ગામમાં અથવા અરણ્યમાં અથવા ક્ષેત્રમાં અથવા રાત્રિમાં જ્યારે ભગવદિચ્છાથી ગુરુ પ્રાપ્ત થાય છે ત્યારે આનંદથી દીક્ષા લેવી. જ્યારે ઇચ્છા થાય ત્યારે ગુરુની આજ્ઞાને અનુસારે દીક્ષા લેવી. તિથિ, હોમ, સ્નાન, જપ કે ક્રિયા એ કાંઇ દીક્ષાનું કારણ નથી પણ ઇચ્છા-પ્રમાણે ગુરુ પ્રાપ્ત થાય તો સર્વની શુદ્ધિ જાણીને દીક્ષા લેવાનો તેનો વિધિ છે. એમ કહેલ છે તેથી ગુરુ તથા શિષ્યનેજ ઇચ્છા વિશેષ થાય ત્યારે દીક્ષામાં પણ બીજા ધર્મની પરીક્ષાની આવશ્યકતા નથી એમ વ્યવસ્થા કરેલી છે; તેથી ઉપદેશમાં તો જરૂર એવી વ્યવસ્થા તાંત્રિકોને પણ અભિમત છે તેથી ભક્તિમાર્ગને અભિમત હોય એમાં શું શંકા કરવા જેવું છે? (કાંઇપણ નથી) ત્યાં શંકા થાય કેઃ—

राज्ञे चामात्यजा दोषाः पत्नीदोषाश्च भर्त्तरि ।
तथा शिष्यार्जितं पापं गुरुं प्राप्नोति निश्चितम् ॥

અર્થ—કારભારીયેં કરેલા દોષ રાજામાં જાય છે, સ્ત્રિયેં કરેલા દોષ પતિમાં જાય છે તેવી રીતેં શિષ્યેં કરેલું પાપ ગુરુપ્રત્યેં અવશ્ય પ્રાપ્ત થાય છે. એ વાક્યથી શિષ્યે કરેલા દોષનો સંચાર ગુરુમાં થાય છે એમ કહેવું નહિં. કેમકે શિષ્યે પાપ

કર્યું હોય તો તેની ઉપેક્ષા કરીને તેનો ત્યાગ નહિં કરવામાટે એ વાક્ય છે. નહિ તો પ્રથમ બ્રહ્મવૈવર્ત્તપુરાણનું વાક્ય લખેલું છે તેમાં મંત્રના ઉપદેશમાત્રથી મનુષ્ય પવિત્ર થાય છે એમ કહ્યું છે તેને વિરોધ આવે. એવી રીતે "ચૈત્રમાં દીક્ષા લેવાથી ઘણું દુઃખ થાય છે" ઇત્યાદિક માસ, પક્ષ, અને તિથિવિગેરેનો શોધ કરવાનાં વાક્યો છે તે હમેશાં ગુરુનું સંનિધાન હોય અને ગુરુ તેવી આજ્ઞા કરે ત્યારે તે વિચારવાબાબતમાં છે, કેમકે ઉપર કહેલ છે કે 'જ્યારે ગુરુની આજ્ઞા મળે ત્યારે દીક્ષા લેવી.' તેથી જો માસ તિથિનો વિચાર કરવાની ગુરુની આજ્ઞા થાય તો તેમ કરવું. તે પણ હમેશાં ગુરુનું સંનિધાન હોય અને તેવો વખત મળવાની ખાત્રી હોય તો તેમ કરવું નહિં તો જ્યારે આજ્ઞા થાય ત્યારે દીક્ષા લેવી એવો તેનો અભિપ્રાય છે. આમંત્રને ભક્તિમાર્ગીયપણું હોવાથી પોતાને તથા બીજાને એક મંત્ર હોય તેમાં પણ દોષ નથી. પોતાના મંત્રનો બીજાને ઉપદેશ કરવો નહિં તેમ સભામાં તે મંત્ર કહેવો નહિં. એવીરીતેં નિષેધ છે તે નારદપંચરાત્રના મંત્રપર છે તેથીજ ભગવાને શિવજીને મંત્ર–કવચાદિક કહેલ હતું તે શિવજીયેં નારદજીને કહેલ છે એમ બ્રહ્મવૈવર્ત્તપુરાણમાં કહેલું હતું તે ઘટે છે. ત્યાં શંકા થાય કે આ મંત્ર કોઇ બીજા શાસ્ત્રને અનુસારે નથી તેમ તંત્રોક્ત પણ નથી અને સંપ્રદાય કે ગુરુને અનુસરવાપણું પણ તેમંત્રને નથી ત્યારે જેને તેને ગમે તેવી રીતેં ગમે તેપાસેથી મંત્ર લેવાનું આવે છે એ તો અયોગ્ય છે, એમ કહેતા હો તો તેમ નથી; કેમકે બીજું શાસ્ત્ર વિરુદ્ધ હોય તેનુંજ અનાદરણીયપણું હોવાથી અહિં પણ સંપ્રદાયમાં રહેલા સદ્ગુરુને અનુસરવાપણું સર્વથા છે. કેમકે તૃતીયસ્કંધમાં પુરાણના ઉપદેશમાં શેષથી પરંપરા લખેલી છે તેમ દધ્યંચ્ ઋષિયેં અશ્વિનીકુમારને ઉપદેશ કરેલો છે ઇત્યાદિક વૈદિક ઉપદેશમાં પણ ગુરુપરંપરા બતાવેલી હોવાથી તેવો નિશ્ચય થાય છે તેબાબત ગૌતમીયતંત્રમાં કહેલું છે કેઃ—

धर्मार्थकाममोक्षाणामालयः साम्प्रदायिकः ।
सम्प्रदायविहीना ये मंत्रास्ते निष्फला मताः ॥

અર્થ—સાંપ્રદાયિક ગુરુ ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સ્થાનરૂપ છે અને સંપ્રદાયવગરના મંત્રો જે છે તે નિષ્ફળ માનેલા છે. એવી રીતેં ઓગણીશમા અધ્યાયનું વાક્ય અવિરુદ્ધ હોવાથી આદરણીય છે, એવી રીતેં ગુરુની આજ્ઞા હોય તો ક્ષત્રિયાદિકને પણ વર્ણના અનુલોમપણાથી ઉપદેષ્ટાપણું નિર્દુષ્ટજ છે તેબાબત નારદપંચરાત્રની વિજ્ઞાનોપનિષત્સંહિતાના અઢારમા પટલમાં કહેલ છે કેઃ—

क्षत्रविट्शूद्रजातीनां क्षत्रियोऽनुग्रहे क्षमः ।
क्षत्रियस्यापि च गुरोरभावादीदृशो यदि ॥ १ ॥
वैश्यः स्यात्तेन कार्यश्च द्वयोर्नित्यमनुग्रहः ।
सजातीयेन शूद्रेण तादृशेन महामते ! ॥ २ ॥

अनुग्रहाभिषेकौ च कार्यौ शूद्रस्य सर्वदा ।
उपायो न भवेल्लोभात् मुक्त्वा सर्वो द्विजोत्तमम् ॥ ३ ॥
क्षत्रविट्छूद्रजातीयः प्रातिलोम्यं न दीक्षयेत् ।

અર્થ—ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર—જાતિને અનુગ્રહ કરવામાં ક્ષત્રિય યોગ્ય છે, વૈશ્ય તથા શૂદ્રને અનુગ્રહ કરવામાં તેવો ક્ષત્રિય મળે નહિં તો તે બે—જાતિને વૈશ્યે અનુગ્રહ કરવો અને સજાતીય—શૂદ્રે શૂદ્રને ઉપદેશ કરવો. શૂદ્રને અનુગ્રહ કે અભિષેક એ સર્વદા શૂદ્રે કરવો. બ્રાહ્મણશિવાય બીજા વર્ણવાળા લોભથી ઉપદેશ કરવા માગતા હોય તો તે ઉપદેશલેવામાટે જવાયોગ્ય નથી. ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમણે પ્રતિલોમ દીક્ષા આપવી નહિં; એટલે ઉંચા વર્ણને નીચાવર્ણવાળો દીક્ષા આપીશકે નહિં. એ વાક્ય અવિરુદ્ધ હોવાથી શિષ્ટપુરુષે તેનો આદર કરેલો છે. વેદમાં પંચાગ્નિવિદ્યાદિકમાં ક્ષત્રિયોયેં બ્રાહ્મણને ઉપદેશકરવાનું જે લખેલું છે તે ઉપદેશપર નથી પણ તેમાં બતાવવાનું લખેલું હોવાથી બતાવવાપર છે માટે સંપ્રદાયનો આશ્રય અવશ્ય કર્ત્તવ્ય છે જેથી અયોગ્ય નથી; તેથીજ તંત્રમાં કહેલ છે કે:—

यदृच्छया श्रुतं वाऽपि छन्नेनापि छलेन वा ।
पत्रे स्थितं वा गाथायां वर्जयेत्तदनर्थवत् ॥

અર્થ—યદૃચ્છાવડે સાંભળેલું હોય, ગુપ્ત રહિને સાંભળેલું હોય, છળવડે સાંભળેલું હોય, પત્રમાં લખેલ વાંચ્યું હોય કે ગાથામાં સાંભળેલું હોય તે અનર્થવાળું જાણી તેને છોડી દેવું. એ તંત્રના વાક્યનો પણ શિષ્ટલોકો આદર કરે છે. જે રાણીવગેરેને પત્રદ્વારા ઉપદેશ અપાય છે તે તો તેરાણીયો સૂર્યને પણ નહિંજોતી હોવાથી બહાર નીકળી શકે નહિં અને ઉપદેશ લેવાની તો અત્યંત આર્ત્તિ હોય ત્યારે ગુરુને દયા ઉત્પન્ન થવાથી તેમની આજ્ઞા મળે ત્યારે પ્રતિનિધિને ઠેકાણે તે પત્ર હોવાથી તેમાં દોષ નથી. ભલે એવીરીતેં હોય તોપણ પતિ તથા સ્ત્રીને એક ગુરુપાસેથી ઉપદેશ લેવો તે તો અયોગ્ય છે; કેમકે એકગુરુના શિષ્ય ગુરુભાઇ થાય એવી લૌકિક રીતિ છે; માટે સાંપ્રદાયિક આચાર્યો સ્ત્રી તથા પુરુષને કેમ ઉપદેશ કરે છે? એમ શંકા થાય ત્યાં કહિયેં છીયેં કે ધર્મ અને અધર્મ એ શાસ્ત્રથી જણાય છે લોકથી તેનો નિર્ણય થઇ શકતો નથી અને શાસ્ત્ર તો તેનો નિષેધ કરતું નથી. જો નિષેધ હોય તો શાસ્ત્રમાં જોવામાં આવે તેમજ તેનું પ્રાયશ્ચિત્ત સાંભળવામાં આવે. જેમ શિષ્યપાસે જનારી કે પતિને મારનારીવિગેરે સ્ત્રીનો ત્યાગ કરવાનું ધર્મશાસ્ત્રમાં લખ્યું છે તેમ એકગુરુની શિષ્ય હોય તેની પાસે ગમનકરવામાં પ્રાયશ્ચિત્ત હોય અથવા તેનો ત્યાગ કરવાનું શાસ્ત્રમાં ક્યાંઇ લખેલું હોય. ભગિનીનું ગમન કરવામાં ગુરુતલ્પગનો જેમ અતિદેશ કરેલો છે, શિષ્યની સ્ત્રી કે ગુરુપુત્રીના ગમનમાં જેમ અતિદેશ કર્યો છે તેમ એકગુરુના શિષ્યના ગમનમાં પણ તેવો અતિદેશ કરે, અથવા અગમ્યપણું ક્યાંઇ શાસ્ત્રમાં લખે, અથવા ઉપપાતકાદિકપણું પણ તેનું ક્યાંઇ સંભળાય. પણ તેવો કોઇ નિષેધ નહિંહોવાથી પતિ તથા સ્ત્રીને એકગુરુપાસેથી મંત્રોપદેશ

લેવો તે અયોગ્ય નથી. પણ ઉલટો પુરાણોમાં સ્રીપુરુષે એકગુરુપાસેથી મંત્ર લીધાનું દેખાય છે જેમકે બ્રહ્મવૈવર્ત્તપુરાણના બ્રહ્મખંડના ૧૯ મા અધ્યાયમાં ઉપબર્હણ ગંધર્વના જીવન પછી કહેલ છે કે:—

महापुरुषस्तोत्रं च पूजां च कवचं मनुम् ।
विस्मृतं बोधयामास स्वयं रहसि सुव्रता ॥ १ ॥
पुरा दत्तं वसिष्ठेन स्तोत्रपूजादिकं हरेः ।
गन्धर्वाय च मालत्यै मन्त्रमेकं च पुष्करे ॥ २ ॥

અર્થ—મહાપુરુષનું સ્તોત્ર, પૂજા, કવચ અને મંત્ર ઉપબર્હણને વિસ્મૃત થયેલ તે સારા વ્રતવાળી તેની સ્રી માલતીયેં એકાંતમાં ઉપબર્હણને કહેલ છે જે પૂર્વે પુષ્કરજીમાં વસિષ્ઠમુનિયેં ઉપબર્હણ ગંધર્વ તથા તેની સ્રી માલતીને સ્તોત્ર પૂજાદિ તથા એક મંત્ર કહેલ હતો. એવું વાક્ય છે ત્યાં ઉપબર્હણ ગંધર્વ અને તેની સ્રી માલતીને વસિષ્ઠમુનિયેં ઉપદેશ આપ્યાનું સ્પષ્ટ કહ્યું છે. કેમકે તેની આગળ શૌનકે સૂતપૌરાણિકને પૂછેલ છે કે:—

किं स्तोत्रं कवचं विष्णोर्मन्त्रपूजाविधिं पुरा ।
ददौ वसिष्ठस्ताभ्यां च तद्भवान् वक्तुमर्हति ॥

અર્થ—વસિષ્ઠે ગંધર્વ તથા તેની સ્રીને કયું સ્તોત્ર કહ્યું. કવચ અને મંત્ર તેમજ પૂજાનો વિધિ પૂર્વે આપેલો છે? તે તમે કહેવાને યોગ્ય છો. એમ કહેલ છે તેથી સ્રી તથા પતિ બન્નેને વસિષ્ઠે મંત્રોપદેશ કરેલો સિદ્ધ છે. તેમ સાધનદીપિકામાં પદ્મપુરાણના ઉત્તરખંડનું વાક્ય છે કે:—

आचारो धर्म्ममार्गश्च गुरुर्मन्त्रश्च देवता ।
दम्पत्यपत्यभृत्येषु एकीकृत्य महत्फलम् ॥

અર્થ—આચાર, ધર્મમાર્ગ, ગુરુ, મંત્ર અને દેવતા એ સ્રી, પુરુષ, છોકરાં અને ચાકરોમાં એક હોય તો તે મ્હોટું ફલ છે. એમ કહેલ છે તેથી પતિ અને સ્રી બન્ને એકગુરુપાસેથી ઉપદેશ લે એમાં દોષની સંભાવના પણ નથી. વળી નારદપંચરાત્રમાં વિજ્ઞાનોપનિષત્સંહિતાના ૧૬ મા પટલમાં કહેલ છે કે:—

विष्णुतत्त्वं परिज्ञाय एकं वाऽनेकभेदवत् ।
दीक्षयेन्मेदिनीं सर्वां किं पुनश्चोपसन्नतान् ॥

અર્થ—એક અથવા અનેક ભેદવાળું વિષ્ણુનું તત્વ જાણીને આખી પૃથ્વીને દીક્ષા આપે તો પછી શરણે આવેલાને દીક્ષા આપે તેમાં શું કહેવું! એવી રીતે સામાન્યથી સર્વને દીક્ષા દેવાનું કહેલ છે માટે પતિ તથા સ્રીને એક ગુરુ ઉપદેશ આપે તેમાં કાંઇ દોષ નથી; તેથીજ કેવલ સ્રીને દીક્ષા આપવાનું યોગ્ય નથી એમ કહેનારનો પણ નિરાસ થયો; કેમકે ગીતાજીમાં ભગવાને અર્જુન પ્રત્યે કહેલ છે કે:—

मां हि पार्थ! व्युपाश्रित्य येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति पराङ्गतिम् ॥

અર્થ—હે પાર્થ! મ્હારો આશ્રય કરીને જે પાપયોનિવાળા સ્ત્રી, વૈશ્ય અને શૂદ્ર તે પણ ઉત્કૃષ્ટ ગતિને પામે છે. અહિં સ્ત્રીને ભગવાનનો આશ્રય કરવાનું લખેલું છે. તે ઉપદેશ લીધા શિવાય આશ્રય થઇશકતો નથી માટે ભગવત્તત્વના જ્ઞાનનો ઉપદેશ કરતા હોય ત્યાં શ્રદ્ધાથી નમ્ર થઇને શરણે આવવાનેજ કારણપણું છે. તેમ જો એકગુરુપાસેથી દીક્ષા લેવામાં પતિ તથા સ્ત્રીને ભાઇબ્હેનપણું થતું હોય તો ગુરુની પુત્રી તો બ્હેન થવીજ જોઇયેં અને જ્યારે ગુરુની પુત્રી બ્હેન થાય ત્યારે ઋષિયો પોતાની પુત્રી શિષ્યને આપે નહિં; કેમકે ધર્મનું સ્થાપનકરનાર ઋષિયો છે અને ઋષિયોયે પોતાની પુત્રી શિષ્યને આપ્યાનું સર્વત્ર સંભળાય છે. જેમ કે મહાભારતમાં આશ્વમેધિકપર્વમાં ઉતંકનું આખ્યાન છે ત્યાં ગૌતમેં પોતાના શિષ્ય ઉતંકને પોતાની કન્યા આપી છે ત્યારે કહેલ છે કે:—

इत्थं च परितुष्टं मां विजानीहि भृगूद्वह ! ।
युवा षोडषवर्षो हि यदद्य भविता भवान् ॥ १ ॥
ददामि पत्नीं कन्यां च स्वां ते दुहितरं द्विज ! ।
एतामृतेऽङ्गना नान्या त्वत्तेजोऽर्हति सेवितुम् ॥ २ ॥
ततस्तां प्रतिजग्राह युवा भूत्वा यशस्विनीम् ।

અર્થ—એવી રીતે હું સંતુષ્ટ થયો છું એમ ભૃગુકુલોત્તમ! તું જાણ્ય, તું સોળવર્ષનો યુવાન્ થઇશ; માટે મ્હારી કન્યા હું તને પત્નીપણાથી આપુંછું આ મ્હારી કન્યાશિવાય બીજી કન્યા તમારા તેજને સેવવાને યોગ્ય નથી. એમ ગૌતમના વચન સાંભલીને તેની કન્યાને યુવાનથયેલા ઉત્તંકે સ્વીકારી. ત્યારબાદ ગૌતમની સ્ત્રી અહલ્યાને કહ્યું કે હે માતાજી! મને આજ્ઞા કરો એવો પ્રસંગ લખેલ છે ત્યાં ગૌતમેં પોતાના શિષ્યને પોતાની પુત્રી આપેલ છે અને તેનું ગ્રહણ કર્યાબાદ ઉત્તંકે પોતાની સાસુને માતાજી કહેલ છે તે છતાં તેનો સ્વીકાર ઉત્તંકે કેમ કર્યો? એમજ કાર્ત્તિકમાહાત્મ્યમાં પણ કહેલ છે કે તે ઋષિ પોતે અપુત્ર હતા તેણે ચંદ્રનામના પોતાના શિષ્યને પોતાની પુત્રી આપી છે એમ કહેલ છે. અને *દેવયાનીનું ભગિનીપણું સ્વી-

* બૃહસ્પતિના પુત્ર કચ, સંજીવિની વિદ્યા શિખવામાટે શુક્રાચાર્ય પાસે ગયા છે. ત્યાં ઘણા દિવસ અભ્યાસ કરી ગુરુના કૃપાપાત્ર થયા ત્યારે દૈત્યોયેં જાણ્યું કે આ દેવના પક્ષમાં છે અને શુક્રાચાર્યની કૃપા મેલવી છે તેથી જો સંજીવિની વિદ્યા ભણીજશે તો આપણને દુઃખ થશે માટે એને મારી નાંખવો એવા હેતુથી બહાર ગયેલ કચને મારી નાખ્યો. સાયંકાલે ઘર આગલ નહિ આવવાથી શુક્રાચાર્યનાં પુત્રી દેવયાનીયેં કહ્યું કે એ આવશે ત્યારે હું જમીશ એ ઉપરથી શુક્રાચાર્યે સંજીવિનીવિદ્યાથી તેને આહ્વાન કરી બોલાવ્યો છે ત્યારબાદ દૈત્યોને કચ જીવતો થયાના ખબર થતાં તેમણે વનમાં તે કચને મારી, બાલી ભસ્મકર્યો; તે ભસ્મ સુરાસાથે મેલવી શુક્રાચાર્યને પીવરાવી ત્યારે તે દિવસે પણ કચની ગેરહાજરીથી દેવયાનીયે તેને ગમે ત્યાંથી

કારીને બૃહસ્પતિના પુત્ર કચેં દેવયાનીનું કહેવું કબુલ રાખેલ નથી તેતો એક ઉદરમાં બન્નેનો નિવાસ થયાથી તેમાં તેણે દોષ ગણીને તેદેવયાનીનો સ્વીકાર કર્યો નથી. તેવો દોષ આપ્રસંગમાં લાગતો નથી કેમકે કચેં દેવયાનીને કહ્યું છે કે :—

यत्रोषितं विशालाक्षि! त्वया चन्द्रनिभानने!
तत्राहमुषितो भद्रे! कुक्षौ काव्यस्य भामिनि! ॥

અર્થ—હે વિશાલ—નેત્રવાળી ચંદ્રમુખી દેવયાનિ! શુક્રાચાર્યના જે ઉદરમાં તું રહેલ છો ત્યાંજ હું પણ હે ભદ્રે રહ્યો છું. એમ શુક્રાચાર્યના ઉદરમાં પોતાનો નિવાસ કહેલો છે. છકોષવાળા દેહમાં અસ્થિવિગેરે ત્રણકોષનું ઉપાદાનકારણ પિતા હોવાથી કચે દેવયાનીનું વચન કબુલ્યું નહિં. તેમજ તેની સાથે વિવાહ કર્યો નહિં. તેથીજ ગુરુપુત્રીની સાથે વ્યભિચાર કરે તોજ ગુરુતલ્પગના જેટલું પાપ છે પણ વિવાહ કરવામાં કાંઇ પાપ નથી. તેમ બ્રહ્મવૈવર્ત્તપુરાણમાં કહેલ છે કે:—

अन्नदाता भयत्राता पत्नीतातस्तथैव च ।
विद्यादाता जन्मदाता पञ्चैते पितरो नृणाम् ॥

અર્થ—અન્નઆપનાર, સંસારના ભયથી રક્ષાકરનાર, પત્નીનો પિતા (સસરો) વિદ્યાઆપનાર અને જન્મઆપનાર એપાંચ મનુષ્યના પિતાઓ છે. એમ બ્રહ્મખંડના દશમા અધ્યાયમાં સૂતપૌરાણિકનું વાક્ય છે તેથી અન્નઆપનારવિગેરેને પિતાપણું હોવાથી સસરો પોષણ કરતો હોય અથવા પતિ તથા સ્ત્રીને એકજ પોષણકરનાર હોય કે બન્નેને ભયથી રક્ષાકરનાર એકજ હોય તો સ્ત્રીપુરુષને ભાઈબ્હેનપણું થશે ત્યારે વિવાહજ વ્યર્થ જશે; કેમકે વિવાહ કર્યો એટલે સસરો પિતા થયો એટલે તેની પુત્રી બ્હેન થાય તો તેની સાથે ગૃહસ્થાશ્રમનો વ્યવહાર કેમ થઈ શકે? માટે પુત્રવાળી સ્ત્રી હોય તે જાયા કહેવાય છે તેનું કારણ એવું છે કે તેનામાં પોતે પુત્રરૂપેં ઉત્પન્ન થાય છે; તેથી પત્નીમાં (પુત્રરૂપેં ઉત્પન્ન થવાથી) જેમ માતાપણું થાય છે તેવી રીતે એકગુરુના શિષ્યને ભ્રાતૃભગિનીપણું સમજવું. તે એકબીજાની અવજ્ઞા નહિં કરવામાટેજ છે પણ કાંઈ ગૃહસ્થાશ્રમના વ્યવહારના નિષેધમાટે નથી. ભલેં ત્યારે એકગુરુપાસેથી પતિ તથા સ્ત્રીને ઉપદેશ લેવામાં અડચણ નથી તોપણ હાલના સમયમાં સદ્ગુરુની પ્રાપ્તિ દુર્લભ હોવાથી ઉપદેશ લેવાબાબતમાં પ્રથમ જે

બોલાવવાની પિતાને વિનતિ કરતાં જણાવ્યું કે જો તે નહિ આવે તો હું દેહત્યાગ કરીશ; આ ઉપરથી શુક્રાચાર્યે ધ્યાન કર્યું તો કચ પોતાના ઉદરમાં છે એ જણાતાં તેને પેટમાં પેસવાનું કારણ પૂછ્યું તે કચે સર્વ કહીબતાવ્યું ત્યારબાદ ઉદરગત–કચને **સંજીવિની** વિદ્યા ભણાવી પોતાનું પેટ બીજાપાસે ચીરાવી કચને બહાર કઢાવ્યો. ત્યારબાદ કચે સંજીવિની વિદ્યાથી શુક્રાચાર્યને જીવતા કર્યા છે. આ સર્વઇતિહાસ મત્સ્યપુરાણના ૨૫ મા અધ્યાયમાં યયાતિરાજાના આખ્યાનમાં શતાનિકના પ્રશ્ન ઉપરથી શૌનકે કહિ બતાવ્યો છે. ત્યારબાદ છવીશમા અધ્યાયમાં સર્વવિદ્યાવિશારદ કચે ગુરુપાસે રજા માગી તે વખતે દેવયાનીયેં પોતાની સાથે લગ્ન કરવાનું કહ્યું તે વખતે કચે નહિ પરણવાના કારણમાં **यत्रोषितं** એ શ્લોક કહ્યો છે.

સિદ્ધ કર્યું છે તે પણ નહિંસિદ્ધકર્યા જેવુંજ છે; કેમકે કાંઈ ઉપયોગનું નથી. તે-બાબત નારદપંચરાત્રમાં કહેલ છે કેઃ—

यः समः सर्वभूतेषु विरागी गतमत्सरः ।
जितेन्द्रियः शुचिर्दक्षः सर्वाङ्गावयवान्वितः ॥
कर्म्मणा मनसा वाचा भीतेष्वभयदः सदा ।
समबुद्धिः पदप्राप्त्या तत्राऽपि भगवन्मयः ॥

અર્થ—સર્વભૂતમાં જે સરખો છે, વૈરાગ્યવાળો છે, જેનો મત્સર ગયો છે, ઇંદ્રિયોનો જેણે જય મેળવેલો છે, પવિત્ર, ચતુર, સર્વઅંગના અવયવથી યુક્ત, કર્મ, મન અને વચનવડે, સંસારથી ભયપામેલા પુરુષોને સદા અભયઆપનાર, અને અક્ષરબ્રહ્મરૂપ—ભગવચ્ચરણારવિંદની પ્રાપ્તિવડે સર્વમાં સરખી બુદ્ધિ રાખનાર તેમાં પણ ભગવન્મય એવો ગુરુ જોઇયેં. એમ વિજ્ઞાનોપનિષત્સંહિતાના ૧૬ મા પટલમાં ગુરુનું લક્ષણ કહ્યું છે. અને વિરુદ્ધ ન હોય એવું બીજું શાસ્ત્ર પણ આદર-કરવાયોગ્ય છે તો તેવા ગુરુ મળવા આજે દુર્લભ છે. એમ શંકા થાય ખરી. પણ તે લક્ષણ સમ્પ્રદાયચલાવનાર—મૂળભૂત—આચાર્યનાં છે; તેથી તેવી રીતના ગુરુયેં ચલાવેલા સંપ્રદાયમાં રહેલા ગુરુ મળવા દુર્લભ નથી. અને જો તેમ ન કહિયેં અને આજના સમયમાં તેવા લક્ષણવાળા મળે તોજ ગુરુ કરવાનો વિચાર રાખીયેં, તો કર્મ, ઉપાસના વિગેરે સર્વમાર્ગોમાં એ દોષ સમાન હોવાથી તેવા ગુરુ મળવા દુર્લભ છે; તેથી સર્વ માર્ગ ઉચ્છિન્ન થઈજાય; કેમકે યુગધર્મ સર્વમાર્ગમાં સમાન છે. તેથીજ ભગવાનનો અનુગ્રહ થવામાં મૂળભૂત આચાર્યોનેજ નિયામકપણું છે અને આજના સમયમાં ઉપદેશકરનારગુરુને તેના દ્વારપણું હોવાથી કોઈ જાતનો દોષ નથી. તેથી હાલના સમયના ગુરુમાં ફક્ત તેઓ સમ્પ્રદાયને અનુસરે છે કે નહિં? એટલીજ બાબત જોવાની છે. જો તે સમ્પ્રદાયને અનુસરનાર હોય તો તેને સદ્ગુરુ સમજવા. ત્યારે દ્વારભૂત ગુરુનો અતિક્રમ થાય તો કાંઈ દોષ નથી એમ નહિં કહેવું કેમકે તેની પણ આજ્ઞાનું ઉલ્લંઘન નહિંકરવાની આવશ્યકતા છે તેથીજ આદિત્યપુરાણમાં કહ્યું છે કેઃ—

अविद्यो वा सविद्यो वा गुरुरेव जनार्दनः ।
स्वमार्गस्थोऽप्यमार्गस्थो गुरुरेव सदा गतिः ॥
हरौ रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन ।
तस्मात्सर्वप्रयत्नेन गुरुमेव प्रसादयेत् ॥

અર્થ—વિદ્યાવિનાના હોય કે વિદ્યાયુક્ત હોય તોપણ ગુરુજ અવિદ્યાને મટા-ડનાર છે. પોતાના માર્ગમાં રહેલા હોય અથવા માર્ગમાં ન હોય તોપણ ગુરુજ સદા ગતિરૂપ છે. હરિ રુષ્ટ થાય તો ગુરુ રક્ષણકરનાર છે પણ ગુરુ રુષ્ટ થાય તો કોઇ રક્ષણકરનાર નથી. માટે સર્વપ્રયત્નવડે ગુરુને પ્રસન્ન રાખે. એમ આદિત્ય-પુરાણમાં કહ્યું છે. તેમ વરાહપુરાણમાં પ્રાગિતિહાસમાં રુદ્રગીતામાં કહેલ છે કેઃ—

यस्त्विमं सरहस्यं तु समन्त्रं चोपपादयेत् ।
विधानं तस्य वै दत्तं कोटिकोटिगुणोत्तरम् ॥
गुरौ वसति यस्त्वन्यमाश्रयेत्पूजयेतकुधीः ।
स दुर्गतिमवाप्नोति दत्तमस्य च निष्फलम् ॥
प्रयत्नेन गुरौ पूर्वं पश्चादन्यत्र दापयेत् ।
अविद्यो वा सविद्यो वा गुरुरेव जनार्दनः ॥
मार्गस्थो वाऽप्यमार्गस्थो गुरुरेव परा गतिः
प्रतिपद्य गुरुं यस्तु मोहाद्विप्रतिपद्यते ।
स कल्पकोटिनरके पच्यते पुरुषाधमः ॥

અર્થ—જે રહસ્યસહિત અને મંત્રસહિત વિધાનનું પ્રતિપાદન કરે તેને કરોડગણું દાન કર્યાનું ફળ થાય. ગુરુ વસતા હોય અને દુષ્ટબુદ્ધિવાળો જે બીજાનો આશ્રય કરે તે દુર્ગતિને પ્રાપ્ત થાય છે તથા તેણે આપેલું સર્વ નિષ્ફળ થાય છે; માટે પ્રયત્નવડે પ્રથમ ગુરુને અર્પણ કરીને પછી બીજાને આપવું. વિદ્યાવગરના હોય અથવા વિદ્યાવાન્ હોય તો પણ ગુરુજ જનાર્દન (અવિદ્યાને મટાડનાર) છે. માર્ગમાં રહેલ હોય અથવા માર્ગમાં ન રહેલ હોય તોપણ ગુરુજ પરમગતિ છે. ગુરુને શરણ જઇને મોહથી જે પ્રતિકૂળ થાય છે તે અધમ પુરુષ નરકમાં કરોડવર્ષસુધી દુઃખમાં પીડાય છે. એવી રીતે કહેલ છે તે વાક્ય દ્વારભૂત—ગુરુવિષયક છે કેમકે સંપ્રદાયપ્રવર્ત્તક—મૂળભૂત ગુરુમાં માર્ગમાં નહિંરહેવાપણાવિગેરે લક્ષણો હોયજ નહિં તેથી ગુરુનાં લક્ષણ મેળવવાબાબતનો દોષ લાગતો નથી; તેથીજ જેમની પાસેથી મંત્રનો ઉપદેશ લીધો હોય તે દ્વારભૂત ગુરુ કહેવાય છે. તેનો પણ ગુરુપણાથી આદર કરવો તે અત્યંત યુક્ત છે. એજ અભિપ્રાયથી બ્રહ્મવૈવર્ત્તપુરાણમાં-કહેલ છે કે:—

अपि घ्नन्तः शपन्तो वा विरुद्धा अपि ये क्रुधा ।
गुरवः पूजनीयास्ते गृहं गत्वाऽऽनयेत तान् ॥

અર્થ—મારતા હોય શાપ દેતા હોય અને ક્રોધથી વિરુદ્ધ થયા હોય તોપણ તે ગુરુ પૂજવા યોગ્ય છે અને રીસાયા હોય તો તેમને ઘેર જરૂર પધરાવી લાવવા. વળી શ્રીભાગવત સપ્તમ સ્કંધમાં કહેલ છે કે:—

यस्य साक्षाद् भगवति ज्ञानदीपप्रदे गुरौ ।
भक्तिर्न स्यात् कृतं तस्य मन्ये कुञ्जरशौचवत् ॥

અર્થ—જ્ઞાનરૂપી દીપને આપનાર સાક્ષાત્ ભગવદ્રૂપ ગુરુમાં જેને ભક્તિ ન થાય તેનું સર્વ કરેલું કુંજરશૌચ (હાથીના સ્નાન) જેવું હું માનું છું. અર્થાત્ હાથી સ્નાન કરીને બહાર નીકળે ત્યારે સૂંઢવડે પોતાને માથે રજ નાખે તેથી તેનું કરેલું સ્નાન વિફળ છે તેમ ગુરુની ભક્તિ ન કરનારનું સમજવાનું છે તેમજ એકાદશ-સ્કંધમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજી પ્રત્યે કહેલ છે કે:—

आचार्यं मां विजानीयात् नावमन्येत कर्हिचित् ।
न मर्त्यबुद्ध्याऽसूयेत सर्वदेवमयो गुरुः ॥

અર્થ—આચાર્ય મ્હારૂં સ્વરૂપ છે એમ જાણી તેની અવજ્ઞા ન કરે તેમજ તેને મનુષ્યની બુદ્ધિથી નિંદે નહિ કારણ કે ગુરુ સર્વ દેવમય છે. તેમજ નારદજીયેં કહેલ છે કેઃ—

गुरौ सन्निहिते यस्तु पूजयेदन्यमग्रतः ।
स दुर्गतिमवाप्नोति पूजनं तस्य निष्फलम् ॥

અર્થ—ગુરુના સન્નિધાનમાં પ્રથમથી જે બીજાને પૂજે છે તે દુર્ગતિ પામે છે તથા તેનું પૂજન નિષ્ફળ થાય છે. તેમ અગસ્ત્યસંહિતામાં કહેલ છે કેઃ—

यैः शिष्यैः शश्वदाराध्या गुरवो ह्यवमानिताः ।
पुत्रमित्रकलत्रादिसंपद्भ्यः प्रच्युता हि ते ॥
ये गुर्वाज्ञां न कुर्वन्ति पापिष्ठाः पुरुषाधमाः ।
न तेषां क्लेशनिस्तारो वर्त्तते मुनिसत्तम! ॥

અર્થ—હમેશાં આરાધન કરવા યોગ્ય ગુરુઓનું જે શિષ્યોયેં અપમાન કર્યું હોય તે શિષ્યો પુત્ર, મિત્ર, સ્ત્રી અને સંપત્તિ વિગેરેથી ભ્રષ્ટ થાય છે. પાપિષ્ઠ—અધમ પુરૂષો ગુરુની આજ્ઞા પ્રમાણે વર્ત્તતા નથી. હે મુનિમાં શ્રેષ્ઠ! તેના ક્લેશનો નિસ્તાર કોઇ દિવસ થતો નથી. તેમજ મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—

अज्ञो भवति वै बालः पिता भवति मन्त्रदः ।
अज्ञं हि बालमित्याहुः पितेत्येव तु मन्त्रदम् ॥ अ० २–१५३ ॥

અર્થ—અજ્ઞ હોય તે બાલક કહેવાય છે અને મંત્ર આપનાર હોય તે પિતા કહેવાય છે. અજ્ઞને બાળક કહે છે અને મંત્ર આપનાર તે પિતા કહેવાય છે તેમજ વામનકલ્પમાં કહેલ છે કેઃ—

यो मन्त्रः स गुरुः साक्षात् यो गुरुः स हरिः स्मृतः ।
गुरुर्यस्य भवेत्तुष्टस्तस्य तुष्टो हरिः स्वयम् ॥

અર્થ—જે મંત્ર છે તે સાક્ષાત્ ગુરુ છે અને જે ગુરુ છે તે હરિ છે. જેને ગુરુ પ્રસન્ન થાય છે તેને હરિ પોતે પ્રસન્ન થાય છે. તેમજ વિષ્ણુરહસ્યમાં કહેલ છે કેઃ—

तस्मात् सर्वप्रयत्नेन गुरुमेव प्रसादयेत् ।
अभेदेनार्चयेद्यस्तु स भक्तिफलमाप्नुयात् ॥

અર્થ—માટે સર્વ પ્રયત્નવડે ગુરૂનેજ પ્રસન્ન કરે ભગવાનથી અભેદ બુદ્ધિ વડે જે ગુરૂનું અર્ચન કરે છે તે ભક્તિનું ફલ પામે છે, એમ કહ્યું છે. તેમજ નારદ પંચરાત્રમાં કહેલ છે કેઃ—

यत्र यत्र परीवादो मात्सर्यात् श्रूयते गुरोः ।
तत्र तत्र न वस्तव्यं वक्तव्यं वा कथंचन ॥

અર્થ—જ્યાં જ્યાં માત્સર્યથી ગુરૂની નિંદા સંભલાતી હોય ત્યાં ત્યાં વસવું નાહિં કે બોલવું નહિં એમ કહેલ છે માટે એવા ગુરૂઓમાં સર્વદા અનુવૃત્તિ કરવી. તેમ દશમસ્કંધમાં સાંદીપિનીયેં કહ્યું છે કે:—

एतदेव हि सच्छिष्यैः कर्त्तव्यं गुरुनिष्कृतम् ।
यद्वै विशुद्धभावेन सर्वार्थात्मार्पणं गुरौ ॥

અર્થ—જે વિશુદ્ધ ભાવ વડે સર્વ અર્થ અને આત્માનું ગુરૂને અર્પણ કરવું એટલુંજ સારા શિષ્યોએ ગુરૂના બદલામાં કર્ત્તવ્ય છે. તેમ બૃહદારણ્યકઉપનિષદ્‌માં જનકરાજાયેં યાજ્ઞવલ્ક્ય પાસેથી ઉપદેશ લીધા પછી “આ વિદેહદેશ, આ મ્હારો આત્મા એ સર્વ હું અર્પણ કરૂં છું.” એમ આત્મા અર્પણ કરેલ છે. માટે ગુરૂમાં તેવો ભાવ રાખવો. એકારણભૂત ગુરુપણું સાંપ્રદાયિકનેજ સમજવાનું છે. કેમકે નારદપંચરાત્રમાં કહેલ છે કે:—

यो वक्ति न्यायरहितं विना न्थायं शृणोति यः ।
उभौ तौ नरकं घोरं व्रजतः कालमक्षयम् ॥ १ ॥
महाकुलप्रसूतोऽपि सर्वयज्ञेषु दीक्षितः ।
सहस्रशाखाऽध्यायी च न गुरुः स्यादवैष्णवः ॥ २ ॥
अवैष्णवोपदिष्टेन मन्त्रेण नरकं व्रजेत् ।
पुनश्च विधिना सम्यक् वैष्णवाद्ग्राहयेद्गुरोः ॥ ३ ॥

અર્થ—જે ન્યાયરહિત બોલે છે તથા જે ન્યાયરહિત સાંભલે છે. તે બન્ને અક્ષય કાળ સુધી ઘોર—નરકમાં જાય છે. મ્હોટા કુલમાં ઉત્પન્ન થયેલ હોય, સર્વ યજ્ઞમાં દીક્ષિત હોય અને વેદની સહસ્રશાખાને ભણનારો હોય પણ જો અવૈષ્ણવ હોય તો તે ગુરુ થઇ શકતો નથી. અવૈષ્ણવેં ઉપદેશ કરેલા મંત્રથી નરકમાં જાય માટે ફરીને વૈષ્ણવ ગુરુ પાસેથી સારી રીતેં મંત્રગ્રહણ કરે. એમ નારદ પંચરાત્રમાં કહેલ છે. તેમજ પદ્મપુરાણના ઉત્તરખંડમાં ૩૨ મા અધ્યાયમાં કહેલ છે કે:—

अवैष्णवोपदिष्टं तु पूर्वं मन्त्रवरद्वयम् ।
पुनश्च विधिना सम्यक् वैष्णवाद्ग्राहयेद्गुरोः ॥

અર્થ—પ્રથમ ઉત્તમ એવા બે મંત્રનો અવૈષ્ણવેં ઉપદેશ કર્યો હોય તો ફરીને તેજ બે મંત્ર વૈષ્ણવગુરૂ પાસેથી ગ્રહણ કરવા. એવી રીતેં વાક્યો છે તેથી પ્રથમ કહેલ છે કે—

प्रतिपद्य गुरुं यस्तु मोहाद्विप्रतिपद्यते ।
स कल्पकोटिनरके पच्यते पुरुषाधमः ॥

અર્થ—ગુરુને શરણે જઇને તેનાથી જે મોહથી પ્રતિકૂલ થાય છે તે અધમ પુરુષ કરોડ વર્ષ સુધી નરક ભોગવે છે. એવા પ્રકારના પ્રથમ કહેલા દોષો પણ તંત્રપુરાણાદિકમાં જોવામાં આવે છે તે સાંપ્રદાયિક ગુરુનો ત્યાગ કરવા બાબતનાજ છે એમ સમજવું. તેથીજ બ્રહ્મવૈવર્ત્ત પુરાણના બ્રહ્મખંડના ૨૪ મા અધ્યાયમાં કહેલ છે કે:—

देहि मे कृष्णमन्त्रं च यन्मनोवाञ्छितं मम ।
तत्संबंधि च यज्ज्ञानं यत्र तद्गुणवर्णनम् ॥

અર્થ—જે મ્હારા મનમાં ઇચ્છિત છે તે શ્રીકૃષ્ણનો મંત્ર મને આપો અને જેમાં તેના ગુણનું વર્ણન છે એવું તેના સંબંધનું જે જ્ઞાન હોય તે આપો. એમ નારદજીયે બ્રહ્માને વિનતિ કરી ત્યારે બ્રહ્માજીયેં કહ્યું છે કે:—

पत्युर्मन्त्रं पितुर्मन्त्रं न गृह्णीयाद्विचक्षणः ।
विरक्ताश्रमिणां चैव न पुत्र! सुखदायकम् ॥

અર્થ—પતિ પાસેથી કે પિતા પાસેથી વિચક્ષણ પુરૂષ મંત્રને ગ્રહણ કરે નહિ કેમકે હે પુત્ર! વિરક્ત અને આશ્રમવાળાઓને પણ તે મંત્ર સુખને આપનાર થતો નથી. એવી રીતેં પોતે મંત્ર નહિં આપવામાં કારણ બતાવીને કહ્યું છે કે:—

महेश्वरस्तव गुरुः प्राक्तनीनः पुरातनः ।
गच्छ वत्स! शिवं शान्तं शिवदं ज्ञानिनां गुरुम् ॥ १ ॥
तत्रैव भगवन्मन्त्रं ज्ञानं लब्ध्वा पुरातनात् ।
नारायणकथां श्रुत्वा शीघ्रमागच्छमद्गृहम् ॥ २ ॥

અર્થ—પૂર્વ કાળમાં રહેલા મહાદેવજી તમારા–પુરાતન ગુરુ છે માટે શાન્ત, કલ્યાણને આપનાર અને જ્ઞાનિયોના ગુરૂ એવા મહાદેવજી પાસે હે પુત્ર! તમે જાઓ અને ત્યાંજ ભગવાનનો મંત્ર અને જ્ઞાન પુરાતન ગુરૂ પાસેથી મેળવીને નારાયણની કથા સાંભલીને જલદી મ્હારે ઘેર આવો. એમ કહિને બ્રહ્માયેં નારદજીને શિવપાસે મોકલ્યા. ઇત્યાદિ વાક્યો પણ ઘટે છે માટે સર્વથા ગુરુનો અતિક્રમ કરવો નહિં. અને તે સાંપ્રદાયિક એકજ ગુરુ કરવા જોઈયે એવો નિશ્ચય છે. એમ બ્રહ્મવૈવર્ત્ત પુરાણના આદ્યખંડના ૧૧મા અધ્યાયમાં કહેલ છે કે:—

गुरुवक्त्रात् विष्णुमंत्रो यस्य कर्णे प्रविशति ।
तं वैष्णवं महापूतं जीवन्मुक्तं वदेद्विधिः ॥

અર્થ—ગુરુના મુખથી વિષ્ણુનો મંત્ર જેના કાનમાં પેસેછે તેને વૈષ્ણવ મહાપવિત્ર, અને જીવન્મુક્ત બ્રહ્માજી કહેછે. એ વાક્યમાં મંત્રના શ્રવણમાત્રથી પણ વૈષ્ણવતાની પ્રશંસા કરેલી હોવાથી તેવી રીતેં ગુરુ પાસેથી વિષ્ણુમંત્ર લઇને પણ રહેવું જોઇયે તેથીજ જેમ મહેલ ઉપર પગથીયે પગથીયેચહડાય છે તેમ પહેલું પગથીયું

જેલું કહેવાય છે ત્યારપછી આગળ સત્સંગાદિક કરવાથી ભગવદ્ભક્તના સેવનવડે ભક્તિમાર્ગીય-સાધનોમાં શ્રદ્ધા થવાથી તેવી રીતેં સાધન કરે એટલે સ્વતંત્ર ભક્તિ થાય છે. અને તે ભક્તિવડે ભગવાનને પ્રિય થવાય છે તેથી સાંપ્રદાયિક વૈષ્ણવ ગુરૂ પાસેથી વિષ્ણુ મંત્ર લેવો એ ઉત્તમ સાધન કર્યા છે. કેટલાએક તો ઉપરના શ્લોકમાં વિષ્ણુનો મંત્ર લેવાથી વૈષ્ણવો થવાનું લખેલું છે ત્યાં વ્યાકરણની રીતિયેં સર્વત્ર વ્યાપ્ત હોય તે વિષ્ણુ કહેવાય છે એવો અર્થ કરીને સર્વ વિષ્ણુસંબંધી છે એમ માનીને સ્મૃતિ અને પુરાણાદિકમાં શૈવ અને સ્માર્તાદિક શબ્દો પણ દેખાય છે તેથી સર્વ વિષ્ણુસંબંધિ છે એવો અર્થ નહિં કરતાં પોતાના ખરા અભિપ્રાયની સિદ્ધિ માટે શાસ્ત્રમાં કાંઇક વિશેષની ઉપેક્ષા રાખે છે તે દીક્ષાથી થયેલો વિશેષજ હોવો જોઇયે. કેમકે નારદ પંચરાત્રાદિકમાં અને પદ્મપુરાણાદિકમાં દીક્ષાની સ્તુતિ કરી છે અને જેણેં દીક્ષા લીધી નથી તેની નિંદા કરી છે. તે દીક્ષા એક તંત્રમાં કહેલી અને એક તો ગોપાલાદિક મંત્રની દીક્ષા પદ્મપુરાણના ઉત્તરખંડમાં વૈષ્ણવ દીક્ષા કહેલી છે તે, એમ બે પ્રકારની છે તે બેમાંથી બીજી દીક્ષાજ ભગવાનનું અંતરંગપણું સિદ્ધ કરનાર હોવાથી મુખ્ય છે કેમકે પદ્મપુરાણના ઉત્તરખંડમાં કહેલ છે કે:—

विना श्रीवैष्णवीं दीक्षां प्रसादं सद्गुरोर्विना ।
विना श्रीवैष्णवं धर्मं कथं भागवतो भवेत् ? ॥

અર્થ—શ્રી વૈષ્ણવી દીક્ષા વિના, સદ્ગુરુના પ્રસાદ વિના અને શ્રીવૈષ્ણવ ધર્મવિના ભગવદ્ભક્ત કેમ થાય ? તેમાં વ્યાસ અને નારાયણનો અષ્ટાક્ષર મંત્ર એ મુખ્ય છે અને બીજું તેનું અંગ છે. એમ છે ત્યારે તાપ, પુંડ્ર, નામ, મંત્ર અને યાગ એ પાંચ સંસ્કારવાળાપણું એજ મુખ્ય વૈષ્ણવપણું છે. તેમાં તપ્તમુદ્રા ધારણ કરવી તે તાપ કહેવાય છે. પુંડ્ર કહેતાં ઉર્ધ્વપુંડ્ર એ તો પ્રસિદ્ધજ છે. કૃષ્ણદાસ તથા ગોવિંદદાસ ઇત્યાદિક નામ કહેવાય છે. નારાયણનો અષ્ટાક્ષર મંત્ર વિગેરે મંત્ર કહેવાય છે અને આગળ પૂજા કહી તે યાગ કહેવાય છે એવી રીતેં પાંચ સંસ્કાર જાણવા તે પ્રથમ કહેલ પદ્મપુરાણના વાક્યથી અને ત્યાંના બીજા સંદર્ભથી તેવી રીતેં પ્રસિદ્ધ છે. માટે બીજામાં વૈષ્ણવપણું ઔપચારિક છે. તે બાબત કહેલ છે કે:—

स दीक्षाविधिसंन्यासं समन्त्रं द्वादशाक्षरम् ।
अष्टाक्षरमथान्यं वा ये मन्त्रं समुपासते ॥
ज्ञेयास्ते वैष्णवा लोके विष्ण्वर्चनहिते रताः ॥

અર્થ—દીક્ષાના વિધિસહિત, ન્યાયસહિત યંત્રસહિત એવો દ્વાદશાક્ષર, અષ્ટાક્ષર અથવા બીજા મંત્રની જે ઉપાસના કરે છે તે વિષ્ણુના અર્ચનના હિતમાં પ્રીતિવાળા વૈષ્ણવ જાણવા. ઇત્યાદિક વાક્યોમાં વિષ્ણુના અર્ચનરૂપ ઉપાધિવડે વૈષ્ણવ કહેલા છે તેમ તે શિવાય ભાગવતપણું થતું નથી એમ કહેલું છે. ઔપચારિક વૈષ્ણવો ઉપાસક અને શુદ્ધ એવા ભેદથી બે પ્રકારના છે તેમાં મંત્રશાસ્ત્રમાં કહેલા શ્રીરામ મંત્રાદિકના જપનું પુરશ્ચરણ કરીને તે તે મંત્રના અધિષ્ટાતાનું ભજન કરનાર હોય તે ઉપાસક

કહેવાય છે અને પુરશ્ચરણાદિકની અપેક્ષા નહિં રાખીને શુદ્ધશ્રવણાદિકથી ભજન કરનાર હોય તે ભક્ત કહેવાય છે. એ સર્વમાં શ્રીવૈષ્ણવજ મુખ્ય છે એમ કેટલાએક કહે છે પણ એમ નથી કેમકે શુદ્ધ ભક્તનેજ મુખ્યપણું છે તે બાબત ગીતાજીમાં કહેલ છે કે सभे प्रियः (જે મ્હારો ભક્ત છે તે મને પ્રિય છે.) તેમજ નવમસ્કંધમાં વિષ્ણુ ભગવાને દુર્વાસા પ્રત્યે કહેલ છે કેઃ—

अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज ? ।
साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः ॥
नाहमात्मानमाशासे मद्भक्तैः साधुभिर्विना ।
श्रियं चात्यन्तिकीं ब्रह्मन् ! येषां गतिरहं परा ॥
ये दारागारपुत्राप्तान् प्राणान् वित्तमिमं परम् ।
हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे ॥
मयि निर्बद्धहृदयाः साधवः समदर्शिनः ।
वशीकुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा ।
मत्सेवया प्रतीतं च सालोक्यादिचतुष्टयम् ।
नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत् कालविप्लुतम् ॥
साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् ।
मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ॥

અર્થ—હે દ્વિજ ! હું પોતે સ્વતંત્ર છું છતાં પરતંત્રની પેઠે ભક્તને આધીન છું. સત્પુરુષ ભક્તોએ મ્હારું હૃદય લઇ લીધું છે તેથી ભક્ત જનો મને અત્યંત પ્રિય છે. ગીતાજીમાં જ્ઞાનિયોને આત્મારૂપ કહેલ છે તેવા આત્મારૂપ જ્ઞાનિઓને પણ સત્પુરુષ મ્હારા ભક્તો વિના હું ઇચ્છતો નથી. તેમ મુખ્ય લક્ષ્મીજીને પણ હું ઇચ્છતો નથી કારણ કે જે ભક્તોને છેવટ ગતિરૂપ હું છું. જે ભક્તો સ્ત્રી, ઘર, પુત્ર, હિતૈષી પ્રાણ, ધન, આ લોક અને પરલોકમાંથી મમતા છોડી સર્વ મને અર્પણ કરીને મ્હારે શરણે આવેલા છે તેઓને હું કેવી રીતેં છોડી શકું ? મ્હારામાં જેણે દૃઢ હૃદય બાંધેલું છે અને સર્વમાં જેની સમાન દૃષ્ટિ છે તે સાધુ ભક્તો જેમ સારી સ્ત્રી સારા પતિને વશ કરે છે તેમ મને વશ કરે છે. મ્હારી સેવા વડે સાક્ષાત્કાર થયેલ સાલોક્યાદિ ચાર પ્રકારની મુક્તિને પણ સેવાથી પૂર્ણ એવા મ્હારા ભક્તો ઇચ્છતા નથી તો કાળથી જેનો નાશ થાય છે એવા રાજ્યાદિકને તો તે ક્યાંથીજ ઇચ્છે ? સાધુ પુરુષો મ્હારું હૃદય છે અને હું સત્પુરુષોનું હૃદય છું તે મ્હારા સિવાય કાંઇ બીજું જાણતા નથી અને હું તેનાથી બીજું કાંઇપણ જાણતો નથી. તેમજ એકાદશસ્કંધમાં ઉદ્ધવજીને ભગવાને કહેલ છે કેઃ—

त्वं तु सर्वं परित्यज्य स्नेहं स्वजनबन्धुषु ।
मय्यावेश्य मनः सम्यक् समदृग्विचरस्व गाम् ॥

અર્થ—તું તો સ્વજન અને બંધુ વર્ગમાં સર્વ સ્નેહને છોડીને સારી રીતે મ્હારે વિષે મનનો પ્રવેશ કરીને સર્વમાં સમબુદ્ધિ રાખીને પૃથ્વી ઉપર ફર્યા કર. એમ કહ્યું છે ત્યાં પણ પોતામાં મન રાખવાનુંજ કહેલું છે તેમજ પાછું બારમા અધ્યાયમાં કહેલ છે કેઃ—

केवलेन हि भावेन गोप्यो गावो नगा मृगाः ।
येऽन्ये मूढधियो नागाः सिद्धामामीयुरञ्जसा ॥

અર્થ—કેવળ ભાવવડેજ શ્રીગોપીજનો, ગાયો, વૃક્ષો, મૃગો, અને જે બીજા મૂઢ બુદ્ધિવાળા નાગો અને સિદ્ધો વગર મહેનતે મને પ્રાપ્ત થયા છે. ઈત્યાદિક ભગવદ્વાક્યોમાં ભાવ માત્ર વડે ક્યાંઈથી જેને ભય નથી એવા સ્થાનની પ્રાપ્તિ અને પોતાની પ્રાપ્તિ થવાનું કહ્યું છે તેથીજ તેવા શુદ્ધ ભક્તનેજ મુખ્યપણું છે. અને ઉપર શ્રી વૈષ્ણવી દીક્ષા વિના ભગવદ્ભક્ત કેમ થાય? એવું વાક્ય કહ્યું છે તેતો સાધન દશામાં ભગવાનના સંબંધ માત્રને બતાવનારૂં છે. ભગવાનની અંતરંગતાને બતાવનારૂં નથી કેમકે તે વચનનો અર્થ તેવી રીતનોજ થાય છે. તેમ એકાદશસ્કંધના ૨૭મા અધ્યાયમાં ઉદ્ધવજીયેં ભગવાનને પૂછેલ છે કે આરાધનરૂપ ક્રિયાયોગ કહો. ત્યાંથી પ્રારંભ કરીને એ મુનિયો કહેછે અને પાર્વતીજીને મહાદેવજી કહે છે એમ કહ્યું છે ત્યાં નારદ પંચરાત્રાદિકમાં કહેલ અને પદ્મપુરાણાદિકમાં પાર્વતીજીને શિવજીયે કહેલ ભગવાનના આરાધનને ક્રિયાયોગપણું કહેલું હોવાથી ભક્તિમાર્ગથી હીનપણું બતાવેલું છે તેમ તેના ઉત્તરમાં શ્રીકૃષ્ણ ભગવાને આરાધનનો પ્રકાર કહ્યો છે તેને પૂજાપણું અને નિરપેક્ષપણાથી તે પ્રમાણે પૂજા કરે તેને ભક્તિ યોગ મળવાનું કહેલું હોવાથી પણ ભક્તિમાર્ગ કરતાં તેને હીનપણું બતાવેલું છે તેમ શુદ્ધ ભક્તિ શિવાય બીજાં કોઇ સાધન ભગવાનની અંતરંગતાને સિદ્ધ કરનાર નથી તેથીજ શ્રીકૃષ્ણ ભગવાને એકાદશસ્કંધમાં ઉદ્ધવજી પ્રત્યે કહેલ છે કેઃ—

न तथा मे प्रियतम आत्मयोनिर्न शङ्करः ।
न च सङ्कर्षणो न श्रीर्नैवात्मा च यथा भवान् ॥

અર્થ—જેવા તમે મને અત્યંત પ્રિય છો તેવા મ્હારામાંથી ઉત્પન્ન થયેલ બ્રહ્માજી, મહાદેવજી, સંકર્ષણ, લક્ષ્મીજી અને આત્મારૂપ માનેલ જ્ઞાની પણ પ્રિય નથી. ભગવાનના એ વાક્યથી ભગવાનનું અંતરંગપણું ભક્તિથીજ સિદ્ધ થાય છે એમ જણાય છે તેમ એકાદશસ્કંધના ૧૯ મા અધ્યાયમાં ઉદ્ધવજીયે મ્હોટાઓને શોધવાયોગ્ય ભક્તિયોગ પૂછયો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે કેઃ—

भक्तियोगः पुरैवोक्तः प्रीयमाणाय तेऽनघ ! ।
पुनश्च कथयिष्यामि मद्भक्तेः कारणं परम् ॥

અર્થ—હે પાપરહિત–ઉદ્ધવ! મને પ્રિય એવા તમને મેં પ્રથમજ ભક્તિ યોગ કહેલો છે અને હવે પછી પણ મારી ભક્તિનું પરમ કારણ કહિશ. તેમજ

બારમા અધ્યાયમાં કહેલ ભક્તિના સ્વરૂપનું સ્મરણ કરાવીને ભક્તિનું પરમકારણ કહેવાની પ્રતિજ્ઞા કરીને કહેલ છે કેઃ—

श्रद्धामृतकथायां मे शश्वन्मदनुकीर्त्तनम् ।
परिनिष्ठा च पूजायां स्तुतिभिः स्तवनं मम ॥
आदरः परिचर्यायां सर्वाङ्गैरभिवन्दनम् ।
मद्भक्तपूजाभ्यधिका सर्वभूतेषु मन्मतिः ॥
मदर्थेष्वङ्गचेष्टा च वचसा मद्गुणेरणम् ।
मय्यर्पणं च मनसः सर्वकामविवर्जनम् ॥
मदर्थेऽर्थपरित्यागो भोगस्य च सुखस्य च ।
इष्टं दत्तं हुतं जप्तं मदर्थं यद्व्रतं तपः ॥

અર્થ—મારી અમૃતરૂપ કથામાં શ્રદ્ધા રાખવી, હમેશાં કોઈક કીર્ત્તન કરતો હોય તો તેની પાછલ મ્હારું કીર્ત્તન કરવું, પૂજામાં ચોતરફથી નિષ્ઠા રાખવી, સ્તોત્રોવડે મ્હારું સ્તવન કરવું, પરિચર્યામાં આદર રાખવો, સર્વ અંગોવડે ચોતરફથી મ્હારું વંદન કરવું. મ્હારા ભક્તની પૂજા સર્વ પ્રકારેં અધિક કરવી, સર્વ ભૂતમાં મ્હારી મતિ રાખવી, મ્હારા કાર્યમાં અંગચેષ્ટા કરવી, વચનવડે મ્હારા ગુણો કહેવા. સર્વ કામનો ત્યાગ કરવો. મહારામાં મન અર્પણ કરવું. મ્હારે માટે ધનનો, ભોગનો અને સુખનો ચોતરફથી ત્યાગ કરવો અને મ્હારે માટે ઇષ્ટ કરેલું, દાન આપેલ, હોમ કરેલો, જપ કરેલો, વ્રત કરેલું અને તપ કરેલું એ સર્વ ભક્તિનાં પરમ કારણ છે. એમ બતાવીને કહેલ છે કેઃ—

एवं धर्म्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् ।
मयि संजायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥

અર્થ—હે ઉદ્ધવ! આત્મનિવેદન કરનાર પુરૂષોને ઉપર કહેલા ધર્મો પ્રમાણે મ્હારામાં સારી રીતે ભક્તિ થાય છે, પછી તેને ચાર પુરૂષાર્થોમાંથી કયો પુરૂષાર્થ બાકી રહે છે? (કોઇ પણ પુરૂષાર્થ બાકી રહેતો નથી.) એમ ભગવાને કહેલ છે તેથી આ નિવેદન કરીને તેવા ધર્મવડે ભક્તિ મેળવવી એજ મુખ્ય ફલ છે એમ નિશ્ચય થાય છે. આજ હકિકત ભક્તિહંસમાં પ્રેમાત્મક ભક્તિના સાધનપણાથી શ્રવણાદિક કરાણું હોય તો તે પુષ્ટિમર્યાદા ભક્તિ કહેવાય. એમ શ્રી ગુસાંઈજીયે પ્રતિપાદન કરેલું છે. એકાદશ સ્કંધના ૧૯ મા અધ્યાયની હકિકત તમે કહિ તેમાં ઉપદેશને કારણપણું નથી એમ શંકા નહિં કરવી. કેમકે પ્રથમ ભક્તયોગ કહ્યો છે એમ કહેવાથી અગીયારમા અધ્યાયની છેવટમાં સુગોપ્ય કહેવાની પ્રતિજ્ઞા કરીને યોગાદિક કોઇ મ્હારી સ્વતંત્ર ગતિને રોકી શકતા નથી એમ બતાવીને બારમા અધ્યાયના પંદરમા શ્લોકમાં કહેલ છે કેઃ—

तस्मात्त्वमुद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनाम् ।
प्रवृत्तं च निवृत्तं च श्रोतव्यं श्रुतमेव च ॥
मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम् ।
याहि सर्वात्मभावेन यास्यसे ह्यकुतोभयम् ॥

અર્થ—માટે હે ઉદ્ધવ ! તમેં વિધિ, નિષેધ, પ્રવૃત્તિકર્મ નિવૃત્તિકર્મ, સાંભળવાનું હોય તે અને સાંભળેલ હોય તે સર્વ છોડીને સર્વેદેહિયોના આત્મારૂપ એવો જે એક હું તેનીજ શરણે સર્વાત્મભાવવડે આવો તો તમને કોઇ જાતનો ભય નહિં રહે. એમ કહેલ છે ત્યાં સર્વાત્મભાવપૂર્વક શરણે આવવાનો ઉપદેશ કર્યો છે. અને અહિં ભક્તિના કારણરૂપ ધર્મો આત્મનિવેદનકરનારને કરવાનું લખેલું છે તેથી ઉપદેશવાનું અર્થથી સિદ્ધ થાય છે. અગીયારમા અધ્યાયમાં વૈદિકી તથા તાંત્રિકી દીક્ષા ખી છે તેને અહિં કારણપણું છે એવી શંકા કરવી નહિં કેમકે ભક્તિના મુખ્ય કાની કોટિમાં તેનો પ્રવેશ નથી. તેમ તે સર્વ બાબત કહ્યા પછી પરમ ગુહ્ય હું તને કહિશ કહેવાથી તેબાબતને જૂદી પાડેલી છે. અને ત્યાં આત્મનિવેદન કહ્યું છે તો ફરીને અહિં જેમ અધિકારરૂપ આત્મનિવેદન કહેલ છે તેમ તે બાબત કહેલ ીજ બીજા પણ સર્વ ભક્તિના માર્ગો મુખ્યફલને સિદ્ધકરનાર નથી એમ ું. તેમ બીજી શંકારૂપી ગારાથી જેનું અંતઃકરણ મલિન થાય તેમનું પ્રક્ષાલન આ એકાદશસ્કંધમાં કહેલ શ્રીકૃષ્ણભગવાનના વચનરૂપી જલની ધારાથી થાય છે માટે આત્મનિવેદન કર્યા પછી ભગવદ્ધર્મ કરે તેનેજ ઉત્તમ ભક્તિ પ્રાપ્ત થાય છે માટે તે ભક્તિબાબત વધારે વિસ્તાર કરવાની કાંઈ જરૂર નથી.

इति श्रीवल्लभाचार्यदासदासेन निर्मितः ।
उपदेशादिविषयो वादोऽयं प्राप पूर्णताम् ॥

અર્થ—એવી રીતેં શ્રીવલ્લભાચાર્યજીના દાસના દાસેં નિર્મિત આ ઉપદેશાદિ વિષયકવાદ સંપૂર્ણતાને પ્રાપ્ત થયો.

इति श्रीमद्वल्लभनन्दनचरणदासदासेन पीतांबरतनूजपुरुषोत्तमेन कृतो भक्तिमार्गीयोपदेशादिविषयशङ्कानिरासश्चतुर्दशो वादः संपूर्णतामगात् ॥